Monday 02, March 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૨૩૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### શહેરમાં ગંદકીનું સામ્રાજ્ય, જનતા પરેશાન

## વલસાડ ડોર-ટુ-ડોર કલેક્શનનો કોન્ટ્રાક્ટ બંધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ શહેરમાં સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડતા જોવા મળી રહ્યા છે. વલસાડ નગરપાલિકા દ્વારા ડોર-ટુ-ડોર કચરા કલેક્શનનો કોન્ટ્રાક્ટ અચાનક બંધ કરી દેવામાં આવતા આખું શહેર ગંદકીના ગંજમાં ફેરવાઈ ગયું છે. નવાઈની વાત એ છે કે, પાલિકા દ્વારા વ્યવસ્થા સુધારવાને બદલે માત્ર ટ્રેક્ટરોથી કચરો લેવામાં આવતા સ્થિતિ વધુ વણસી છે.

છેલ્લા કેટલાક સમયથી કાર્યરત ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનનો કોન્ટ્રાક્ટ પૂરો થતા અથવા બંધ કરવામાં આવતા કચરો ઉપાડવાની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે.

પાલિકા દ્વારા કચરો ઉઘરાવતા ટ્રેક્ટરો લઈ લેવામાં આવતા સોસાયટીઓ અને મુખ્ય માર્ગો પર કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. કચરો ન ઉપડાતા શહેરીજનોને અસહ્ય દુર્ગંધનો સામનો કરવો પડી રહ્યો છે, જેના કારણે રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે.

વેરો ભરવા છતાં પ્રાથમિક સુવિધા ન મળતા વલસાડના રહીશોમાં નગરપાલિકાના વહીવટ સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.? તંત્રની ઉદાસીનતા સ્થાનિકોના જણાવ્યા અનુસાર, સવારના સમયે આવતી કચરા ગાડીઓ બંધ થઈ જવાથી લોકો હવે જાહેર રસ્તાઓ કે ખુલ્લી જગ્યાઓમાં કચરો ફેંકવા મજબૂર બન્યા છે.

સ્વચ્છ વલસાડના દાવાઓ વચ્ચે પાલિકાની આ આયોજન વગરની કામગીરી ચર્ચાનો વિષય બની છે. હવે જોવાનું એ રહ્યું કે પાલિકા તંત્ર ક્યારે જાગે છે અને આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવી શહેરને ફરી સ્વચ્છ બનાવે છે.




## શ્રીડીમાં માંદગી આત્મહત્યાઓનું એક કારણ

### સર્વેક્ષણના ૨૦૨૩ના આંકડામાં ૨૬ લોકોએ ગંભીર બીમારીથી આત્મહત્યા કરી હોવાનું બહાર આવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૧ :** ૨૦૨૩માં દાદરા, નગર, હવેલી અને દમણ અને દીવમાં બિમારીને કારણે ૨૬ લોકોએ આત્મહત્યા કરી હતી.

એક સર્વેક્ષણ એજન્સી અનુસાર ભારતમાં બીમારીને કારણે આત્મહત્યાના ૩૨,૫૦૩ કેસ નોંધાયા હતાં. આમાંથી ૪૯ ટકા (૧૫,૯૭૦ કેસ) ક્રોનિક અથવા લાંબા ગાળાની બીમારીઓથી સંબંધિત હતાં. ત્યારબાદ માનસિક બીમારીથી સંબંધિત ૧૩,૯૭૮ કેસ (૪૩ ટકા) છે. દેશમાં સૌથી વધુ આત્મહત્યા તમિલનાડુમાં છે. જેમાં બે વર્ષમાં બીમારીને કારણે ૬,૮૩૮ લોકોએ આત્મહત્યા કરી છે. કેન્દ્રશાસિત પ્રદેશોમાં, આંદામાન અને નિકોબાર ટાપુઓમાં બીમારીને કારણે ૭૬ લોકોએ આત્મહત્યા કરી છે. દાદરા, નગર, હવેલી અને દમણ અને દીવમાં ૨૬ લોકોનો સમાવેશ થાય છે.

## વાપી જીઆઈડીસીમાં હોળીની અસર : કામદારો વતન ભણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** હોળીના પર્વને આડે ગણતરીનો માત્ર એક દિવસ બાકી રહેતા જ વાપીની ઔદ્યોગિક વસાહતમાં કામ કરતા મજૂરોમાં વતન જવાની ભારે ચહલપહલ જોવા મળી રહી છે. દેશના વિવિધ રાજ્યોમાંથી રોજગાર માટે આવેલા મજૂરો હોળીનો તહેવાર પોતાના પરિવારજનો સાથે જ ઉજવવાની પરંપરા જાળવી રાખતા હોવાથી રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ અને ખાનગી વાહન વ્યવસ્થાઓમાં ભીડ વધી ગઈ છે.

વાપી ટાઉન અને ગ્રામ્ય વિસ્તાર તેમજ જી.આઈ.ડી.સી. સહિતના ઉદ્યોગોમાં કાર્યરત મજૂરો વર્ષ દરમિયાન દિવાળી સહિતના અન્ય તહેવારો ઘણી વખત કામના સ્થળે જ સાદાઈથી ઉજવે છે, પરંતુ હોળીનો તહેવાર તેઓ માટે ખાસ મહત્વ ધરાવે છે. રંગોનો આ પર્વ માત્ર ઉજવણી પૂરતો નહીં પરંતુ પરિવાર અને ગામ સાથેના જોડાણનો અવસર પણ ગણાય છે. તેથી જ મોટા ભાગના મજૂરો હોળી પહેલા જ રજા લઈ પોતાના વતન તરફ રવાના થઈ રહ્યા છે.

ખાસ કરીને ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓડિશા અને રાજસ્થાન જેવા રાજ્યોના મજૂરો ટ્રેન અને બસોમાં રિઝર્વેશન મેળવવા માટે દિવસો અગાઉથી જ પ્રયત્નશીલ રહ્યા હતાં. ઘણા મજૂરોને કન્ફર્મ ટિકિટ ન મળતાં જનરલ કોચમાં જ મુસાફરી કરવાની તૈયારી બતાવી છે. કેટલાક મજૂરો ખાનગી ટ્રાવેલ્સ અથવા શેરિંગ વાહનો દ્વારા પણ વતન તરફ રવાના થઈ રહ્યા છે.

તેવી જ રીતે ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર કચ્છ તેમજ મધ્ય ગુજરાતમાં વસતા લોકો પણ મોટી સંખ્યામાં વાપી પંથકમાંથી હોળીના તહેવારને ઉજવવા માટે પરિવાર સાથે વતનમાં પોતાના ખાનગી વહન કે ખાનગી ટ્રાવેલ્સ બસ અને એસટી વિભાગની બસમાં સવાર થઈને જવા માટે તૈયાર જોવા મળ્યા હતાં.

## આજથી લવાછાના મેળાની શરૂઆત

**વાપી, તા.૦૧ :** વાપી નજીકના લવાછા ગામે મુખ્ય માર્ગ ઉપર સદીઓથી હોળીના તહેવારથી આઠથી દશ દિવસ સુધીનો લવાછામાં મેળાનું આયોજન કરવામાં આવે છે. જેમાં મનોરંજન સાથે વિવિધ ચીજવસ્તુઓનું વેચાણ માટે હજ્જારો દુકાનો લગાવાય છે. જેમાં વાપી, સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને વલસાડ જિલ્લામાં વસતા લોકો આ મેળામાં ફરવા માટે પરિવાર સાથે આવે છે. સમગ્ર મેળા દરમ્યાન સ્થાનિક પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત પણ રખાય છે.
























અગ્રણી પરેશભાઈ અધ્વર્યુના ૭૧માં જન્મદિવસ નિમિત્તે

## ગણદેવીમાં ટીબીના દર્દીઓને વિનામૂલ્યે પૌષ્ટિક આહાર કીટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૧ :** નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લા રક્તપિત નિવારણ મંડળ, જિલ્લા ક્ષય કેન્દ્ર નવસારી તેમજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ગણદેવીના સંયુક્ત ઉપક્રમે શુક્રવારે ટીબીના દર્દીઓને વિનામૂલ્યે પૌષ્ટિક આહારની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સૌથી મહત્વની જાહેરાત કરતા જિલ્લા ક્ષય અધિકારી ડો. પિનાકીન પટેલે જણાવ્યું હતું કે, ગણદેવી તાલુકાના તમામ ૬૫ ગામો હવે સંપૂર્ણપણે ટીબી મુક્ત થઈ ગયા છે, જે જાણી ઉપસ્થિત સૌએ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.

ક્ષય નિવારણ મંડળના પ્રમુખ અને વરિષ્ઠ પત્રકાર પરેશભાઈ અધ્વર્યુ પોતાના જીવનના ૭૦ વર્ષ પૂર્ણ કરી ૭૧માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. આ અવસરને યાદગાર બનાવવા માટે દુર્વા અને પ્રીતિબેન પ્રજાપતિના સંપૂર્ણ આર્થિક સહયોગથી ટીબીના દર્દીઓને પોષણક્ષમ આહારની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ સેવાયજ્ઞએ સમાજમાં એક અનોખી ભાત પાડી છે. કાર્યક્રમમાં ઉપસ્થિત વલોટીની ઈંગ્લીશ મીડીયમ સ્વામિનારાયણ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી સ્વામી હરિ સેવક દાસજીએ આશીર્વચન પાઠવતા દર્દીઓને રોગમુક્ત થવા માટે વ્યસનમુક્ત થવાની શીખ આપી હતી. ગણદેવી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પ્રાણલાલ પટેલે પરેશભાઈની આ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી. આ પ્રસંગે ગણદેવી નગરપાલિકા પ્રમુખ ભાવેશ પટેલ, CHC અધિક્ષક ડો. મિલન પટેલ, ટીબી સુપરવાઈઝર અશ્વિનભાઈ પટેલ, વિરલબેન રાણા, અમિતભાઈ પટેલ તેમજ ગણદેવી નગરના અગ્રણી નાગરિકો, આમંત્રિતો અને જિલ્લા ક્ષય કેન્દ્રના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## નવસારીમાં હોળી-ધુળેટી તહેવારને લઈ પ્રતિબંધ ફરમાવ્યો

(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૨૭ :** આગામી તા.૦૩/૦૩/૨૦૨૬ અને ૦૪/૦૩/૨૦૨૬ ના રોજ ના રોજ હિન્દુ ધર્મના હોળી-ધુળેટીના તહેવારની ઉજવણી કરવામાં આવનાર છે. આ તહેવારની ઉજવણી દરમિયાન જીલ્લામાં શાંતિ અને કોમી એખલાસ ભર્યું વાતાવરણ જળવાઈ રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને નવસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ યોગરાજસિંહ બી.ઝાલાએ એક જાહેરનામાં દ્વારા મળેલી સત્તાની રૂએ નવસારી સમગ્ર શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તા.૦૨/૦૩/૨૦૨૬ થી તા.૦૪/૦૩/૨૦૨૬ ના રોજ ૨૪-૦૦ વાગ્યા સુધી કેટલાંક કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ કરમાવ્યો છે.


તહેવાર દરમિયાન લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવા, પ્લાસ્ટીક કોથળીઓમાં પાણી ભરીને પાણીના ફુગ્ગાઓ મકાનો તથા એપાર્ટમેન્ટમાંથી જાહેર રસ્તા પર આવતા જતા રાહદારીઓ તથા વાહનો ઉપર ફેંકવા, રસ્તા પર આડાશ ઉભી કરી ગોઠ ઉઘરાવવા તથા વાહનો રોકવા પર તથા કોઈની ધાર્મિક લાગણી દુભાય તેવા સુત્રોચ્ચાર જાહેરમાં કરવા, હોળી ધુળેટીના તહેવાર દરમ્યાન નદી, તળાવ, દરિયા કિનારો, ડેમ સાઈટ, કુદરતી ઝરણાં તથા અન્ય વોટર સાઈટ પર માનવ મૃત્યુની દુર્ઘટના બની શકે અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતી બગડી શકે તેવા વર્તન કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમ તા.૦૨/૦૩/૨૦૨૬ થી તા.૦૪/૯/૨૦૨૬ ના ૨૪-૧૦ સુધીના સમયગાળા માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

## આહવામાં માલી સમાજ દ્વારા જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલે ને 'ભારત રત્ન' આપવાની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૪૧ :** ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે સમસ્ત માળી સમાજ મહામંડળ ટ્રસ્ટ દ્વારા મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલેને મરણોપરાંત દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન' થી નવાજવાની માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ.સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે, ફૂલે દંપતીએ પોતાનું સમગ્ર જીવન પછાત, દબાયેલા અને શોષિત વર્ગના ઉત્થાન માટે સમર્પિત કર્યું હતું. તેમણે સમાજમાં શિક્ષણ અને સમાનતાનો દીપ પ્રગટાવી મહિલાઓ અને વંચિતોને મુખ્ય ધારામાં લાવવા ઐતિહાસિક યોગદાન આપ્યુંછે. વિશેષ કરીને, મહાત્મા ફૂલેએ સ્ત્રી શિક્ષણનો પ્રારંભ કર્યો અને સાવિત્રીબાઈ ફૂલે દેશના પ્રથમ મહિલા શિક્ષિકા બનીને સમાજને નવી દિશા ચીંધી હતી. તેમણે મહિલાઓ માટે પ્રથમ શાળા, બાળહત્યા નિવારણ ગૃહ અને મજૂરો માટે રાત્રિ શાળાઓ જેવી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજ સુધારણાનું ભગીરથ કાર્ય કર્યું હતું. આ પ્રસંગે સમસ્ત માળી સમાજ મહામંડળ ટ્રસ્ટના પ્રતિનિધિઓ રાજેન્દ્ર સોનવણે, રાજેન્દ્ર મહાજન, દિપક મહાજન, હિરામણ મહાજન, ધનંજય મહાજન, સાગર મહાજન, પ્રગ્નેશ માળી અને સંજય માળી સહિતના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. માળી સમાજે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જો ભારત સરકાર દ્વારા ફૂલે દંપતીને 'ભારત રત્ન' એનાયત કરવાનો નિર્ણય લેવામાં આવશે, તો તે દેશના શોષિત અને પછાત વર્ગ માટે સાચા અર્થમાં ન્યાય સમાન રહેશે.

## બીલીમોરાની સોમનાથ પ્રા. શાળાના ૭૮મા સ્થાપના દિનની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૧ :** બીલીમોરા શહેરની સોમનાથ પ્રાથમિક શાળાના ૭૮મા સ્થાપના દિનની ઉજવણી રવિવારે ભક્તિમય અને ઉત્સાહભર્યા વાતાવરણમાં કરવામાં આવી હતી. આ અવસરે શાળામાં સામૂહિક ગાયત્રી મંત્રનું આયોજન કરી હકારાત્મક ઉર્જાનું આહ્વાન કરવામાં આવ્યું હતું, સાથે જ વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ મુજબ વિદ્યારંભ સંસ્કાર કરાવવામાં આવ્યા હતા. રવિવાર હોવા છતાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ બહોળી સંખ્યામાં હાજર રહી શાળા પ્રત્યેનો તેમનો પ્રેમ દર્શાવ્યો હતો. આ પ્રસંગે શાળાના પૂર્વ આચાર્ય કિશોરભાઈ પટેલ તરફથી તમામ આગંતુકો માટે સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન આચાર્યા લીલાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.આજના કાર્યક્રમે શૈક્ષણિક અને આધ્યાત્મિક વાતાવરણને એક નવો વળાંક આપ્યો હતો.

## ડાંગ દરબારમાં 'સ્વદેશી અભિયાન' ની ગુંજ



(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૦૧ :** ડાંગ દરબાર ના ભાતિગળ લોકમેળામાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વદેશી ચીજ વસ્તુઓનું વેચાણ તથા વોકલ ફોર લોકલૅની થીમ સાથે સ્થાનિક પરંપરાગત ટ્રાયબલ ફૂડ સ્ટોલૅનું પણ આયોજન કરાયુ છે.

જેમાં ડાંગ જિલ્લા માહિતી કચેરી દ્વારા સ્વદેશી અભિયાન અંગે જનજાગૃતિ માટે તૈયાર કરાયેલા સ્ટીકરનું મોટે પાયે વિતરણ કરીને, અંતરિયાળ વિસ્તારમાં પણ સ્વદેશી અભિયાનનો સંદેશ લોકો સુધી પહોંચાડ્યો છે.


દમણગંગા ટાઈમ્સ
દેશના કોઈપણ ખુણેથી ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com


## નવસારી જીલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ રાજકીય હલચલ શરુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૦૧ :** નવસારી જિલ્લાનાની આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીની ધીરે ધીરે ચૂંટણી લક્ષી મોસમની શરૂઆત થઈ રહી છે. તેવા સમય રાજકીય લોબીંગની ખેંચતાણ શરૂ થઈ છે. નવસારી જિલ્લા પંચાયતની ૩૦ બેઠકો માટે ચૂંટણી પંચ દ્વારા અપાયેલ પ્રાથમિક આદેશ પ્રસિદ્ધ થતાં જ રાજકીય હલચલ વધી છે. નવસારી જિલ્લા પંચાયતની ખડસુપા બેઠક રદ થતા જની ૩ બેઠકો થઈ જ્યારે ગણદેવીની કછોલી બેઠક વધતાં ૫ની ૬ બેઠકો થઈ યોજાઈ. જ્યારે કેટલીક અનામત બેઠકોમાં પણ ફેરફાર કરાયો છે. કેટલાક ગામોનો નવસારી મહાનગરપાલિકામાં સમાવેશ થતા લોકોની રજૂઆતને ધ્યાને લઈ સીમાંકનમાં સુધારો કરાયો હતો. નવા સીમાંકન સુધારા બાદ ચીખલીની કુલ ૮ બેઠક પૈકી ૪ બેઠકો એસટીની બેઠક કરાઈ, આ પહેલા ચીખલીમાં ૬ એસટી બેઠક હતી. જ્યારે વાંસદાની કુલ ૭ બેઠકો પૈકી ૬ બેઠકો એસટીની કરાઈ જે પહેલા માત્ર ૩ જ હતી. તમામ બેઠકોની અનામત સ્થિતિ એસટી સ્ત્રી ચાંપલધરા, કછોલી, ખેરગામ, ખૂંધ, કુકેરી, પનાર, ગણશે-સિસોદ્રા, સુપા અને વાંસદા બેઠક એસ ટી બારતાડ, બોદાલી, ગણદેવા, ખાટાઆંબા, સાદકપોર, સાતેમ, ઉનાઈ, વાંગણ, વાંઝણા ઓબીસી સ્ત્રી આછવણી તેમજ ઘેજ બેઠક ઓબીસી મહુવર સામાન્ય સ્ત્રીં અમલસાડ, દેવસર, માંડવખડક તેમજ સમરોલી બેઠક બિનઅનામત સામાન્ય બીગરી, રૂમલા, સરીબુજરંગ, વાંદરવેલા છે.

## ડાંગ દરબારના લોકમેળામાં માનવ મહેરામણ ઉમટી

(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૦૧ :** ડાંગ જિલ્લાની આન, બાન અને શાન એવા પરંપરાગત ડાંગ દરબારના ભાતિગળ લોકમેળામાં આ વર્ષે અભૂતપૂર્વ માનવ મહેરામણ ઉમટી રહ્યો છે.



કલેકટર સુશ્રી શાલિની દુહાનના માર્ગદર્શન અને સુચારુ વહીવટી વ્યવસ્થાપનને કારણે આ ઐતિહાસિક લોકમેળો મુલાકાતીઓ માટે અત્યંત ખાસ અને યાદગાર બની રહ્યો છે.

આહવા ખાતે યોજાઈ રહેલા આ મેળામાં માત્ર ડાંગ જ નહીં, પરંતુ પાડોશી જિલ્લાઓ નવસારી, તાપી, વલસાડ તેમજ સરહદી રાજય મહારાષ્ટ્રમાંથી પણ હજારોની સંખ્યામાં મેળાર્થીઓ મેળે મ્હાલવા ઉમટી રહ્યા છે. ડાંગની પ્રકૃતિ અને સંસ્કૃતિને માણવા માટે લોકોમાં ભારે ઉત્સાહ સાથે આકર્ષણ જોવા મળી રહ્યું છે.

મેળામાં આવતા દરેક નાગરિકની સુરક્ષા અને સુવિધા જિલ્લા વહીવટી તંત્રની સર્વોચ્ચ -નથમિકતા રહી છે. મુલાકાતીઓ માટે પીવાનું પાણી, પાર્કિંગ અને આરોગ્ય જેવી પાયાની તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સીસીટીવી સર્વેલન્સ દ્વારા સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવી છે. મેળામાં સ્થાનિક ખરીદીની વ્યાપક તક પૂરી પાડવા માટે તંત્ર દ્વારા ૯૫૦ થી વધુ નાના-મોટા વેપારીઓને પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. જયાં લોકો વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરી રહ્યા છે. આ ઉપરાંત બાળકો અને મોટેરાઓ માટે અદ્યતન મનોરંજક રાઈડ્સ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે. આ સાથે જ લોકોના મનોરંજન માટે 'રંગ ઉપવન' ખાતે રાત્રિના સમયે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી છે. જેમાં ડાંગની કલા અને પરંપરાની ઝલક જોવા મળે છે. મોટી સંખ્યામાં કલાપ્રેમી જનતા આ સાંસ્કૃતિક કાર્યક્રમોને નિહાળી ડાંગના વારસાનો અનહદ આનંદ માણી રહી છે.

## બીલીમોરા અર્બન હેલ્થ સેન્ટરમાં કિશોરીઓ માટે રસીકરણ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૧ :** બીલીમોરા અર્બન હેલ્થ સેન્ટર ખાતે શનિવારે સર્વાઈકલ કેન્સર વિરોધી રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. કેમ્પમાં ૧૪ વર્ષની કિશોરીઓને HPV વેક્સીન આપવામાં આવી હતી. આગામી સમયમાં શાળાઓમાં જતી તેમજ શાળાએ ન જતી તમામ કિશોરીઓને આ રસીકરણ હેઠળ આવરી લેવાનું સઘન આયોજન કરવામાં આવ્યું છે.



આ પ્રસંગે બીલીમોરા નગરપાલિકાના પ્રમુખ મનિષભાઈ સહિત નિરવભાઈ, વિજયભાઈ, ભરતભાઈ, સુમિત્રાબેન પટેલ, સુચિતાબેન દુશાને, વિપુલાબેન મિસ્ત્રી,ડૉ.રાજેન્દ્ર ગઢવી, ડૉ.ભૂમિબેન અને શિલ્પાબેન સહિત હોદ્દેદારો વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં.

## ગણદેવીમાં ૨૯ નવદંપતીઓનો સમૂહ લગ્નોત્સવમાં ૬૩ વસ્તુઓની ભેટ અપાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૦૧ :** પ્રગતિ ચેરીટેબલ ટ્રસ્ટ-બીલીમોરા દ્વારા ગણદેવી તાલુકા કોળી સમાજ વાડી ખાતે તૃતીય સર્વજ્ઞાતિ સમૂહલગ્ન મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ૨૯ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા,જેમને ટ્રસ્ટ દ્વારા કબાટ, સેટી-પલંગ અને ગાદલા સહિત કુલ ૬૩ ઘરવપરાશની ચીજવસ્તુઓ કરીયાવર રૂપે ભેટ આપવામાં આવી હતી.

આ માંગલ્ય પ્રસંગે અધ્યક્ષ વિસ્પી કાસદ (નવસારી) નાથુભાઈ સોસા, કરશનભાઈ સોલંકી, લાલજીભાઈ જીત્યા તેમજ સુરત, મુંબઈ અને ખેરગામથી પધારેલા મહાનુભાવો અને પત્રકાર પરેશભાઈ અધ્વર્યુ સહિતમોટી સંખ્યામાં અગ્રણીઓ એ ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. મહોત્સવને સફળ બનાવવા પ્રગતિ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ નટુભાઈ સોસા, મહામંત્રી રમેશભાઈ પટેલ, ખજાનચી નીરુબેન પટેલ તથા મુખ્ય સહાયક રાજેશભાઈ ધુમડીયા, ઈશ્વરભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. ગણદેવી અને બીલીમોરાના નગરજનોએ આ સેવાકીય કાર્યને બિરદાવ્યું હતું.

## વાપીની સરદાર વલ્લભભાઈ પટેલ હાઈ.માં વિજ્ઞાન પ્રદર્શન યોજાયું





વિજ્ઞાન દિવસના શુભ પ્રસંગે, વાપીની સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ ખાતે વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું ઉદ્ઘાટન મા સરસ્વતીજીની આરતી સાથે કરવામાં આવ્યું હતું, જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વિવિધ પ્રદર્શનો પ્રદર્શિત કર્યા હતા, અને બહારથી આવેલા વાલીઓએ વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત પ્રદર્શનોની ખૂબ પ્રશંસા કરી હતી અને તેમને વિજ્ઞાન ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરણા આપી હતી.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૮-૦૨-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** ફાગણ, બારસ **સૂર્યોદય :** ૦૭ : ૦૫ **સૂર્યાસ્ત** ૧૮ : ૩૮, **ચંદ્રોદય** - ૦૩:૩૧ **ચંદ્રાસ્ત** - ૦૫:૨૯ **ચંદ્ર રાશિ :** કર્ક, **નક્ષત્ર** - પુનર્વસુ

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો.

**વૃષભ(બ.વ.ઉ) :** આજે સવારે કરવામાં આવેલ ધ્યાન દિવસભર માનસિક રાહત લાવશે. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો.

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે વધુ તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળોવો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.

**કર્ક(ડ.હ) :** અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે.

**સિંહ(મ.ટ.) :** આજે પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજના દિવસે તમે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો.

**તુલા (ર.ત.) :** આજે તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજે તમારે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે?

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો.

**મકર(જ.ખ) :** આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે.

**કુંભ(ગ.શ.સ.) :** તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે.

## દમણ રેડિયો

आकाशवाणी

102.3 FM

શનિવાર/રવિવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૫૨૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | 2 |
| 6 | 1 | | | 8 | | 4 | | 7 |
| | | 3 | | | 4 | | 6 | 5 |
| 3 | | 5 | | 6 | | | | |
| | | 9 | 2 | | 5 | 3 | | |
| | | | | 4 | | 2 | | 8 |
| 1 | 5 | | 9 | | | 7 | | |
| 9 | | 6 | | 7 | | | 8 | 3 |
| 2 | | | | | | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૫૨૧ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 4 | 1 | 7 | 2 | 6 | 8 | 9 | 3 |
| 9 | 6 | 2 | 1 | 3 | 8 | 4 | 7 | 5 |
| 8 | 7 | 3 | 4 | 9 | 5 | 1 | 6 | 2 |
| 1 | 2 | 8 | 5 | 6 | 3 | 7 | 4 | 9 |
| 7 | 3 | 9 | 8 | 1 | 4 | 5 | 2 | 6 |
| 4 | 5 | 6 | 2 | 7 | 9 | 3 | 8 | 1 |
| 3 | 9 | 7 | 6 | 4 | 1 | 2 | 5 | 8 |
| 2 | 1 | 5 | 9 | 8 | 7 | 6 | 3 | 4 |
| 6 | 8 | 4 | 3 | 5 | 2 | 9 | 1 | 7 |

# વલસાડ જિલ્લા પોલીસ દ્વારા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ યોજાયો

## વલસાડ જિલ્લા પોલીસ દ્વારા ૩૩૬ લાભાર્થીઓને રૂા. ૧.૧૭ કરોડનો મુદ્દામાલ પરત સોંપાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ જિલ્લાના વિવિધ પોલીસ મથક વિસ્તારોમાંથી ચોરી કે ગુમ થયેલા કિંમતી સામાન અંગે ફરિયાદો બાદ વલસાડ જિલ્લા પોલીસ દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ ૩૩૬ લાભાર્થીઓને ૧.૧૭ કરોડ મુદ્દા માલ સોંપવામાં આવ્યો છે.

વલસાડ જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને વલસાડના મોંઘાભાઈ હોલ આયોજિત તેરા તુઝકો અર્પણ કાર્યક્રમમાં યોજાયો હતો. જેમાં વલસાડ જિલ્લા પોલીસની ટીમોએ ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી આરોપીઓની ધરપકડ કરી અને તેમની પાસેથી મુદ્દામાલ રિકવર કર્યો હતો. ચોરાયેલો મુદ્દામાલ પરત મેળવવા માટે નાગરિકોને કોર્ટ અને પોલીસ મથકોના ધક્કા ખાવા પડતા હતાં. ગૃહમંત્રીના માર્ગદર્શન હેઠળ, વલસાડ જિલ્લા પોલીસે આ પ્રક્રિયાને ઝડપી બનાવી અને કોર્ટ પાસેથી જરૂરી મંજૂરીઓ મેળવીને કાર્યવાહી હાથ ધરી હતી. જિલ્લા પોલીસે કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરીને ૩૩૬ લાભાર્થીઓને તેમનો મુદ્દામાલ પરત સોંપ્યો. પરત કરાયેલા કુલ કિંમત રૂા. ૧.૧૭ કરોડ નો મુદ્દા માલ લાભાર્થીઓને સોંપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા પોલીસ વડાએ આગામી હોળી, ધુળેટી, રમઝાન અને રામ નવમીના તહેવારો શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતાં. વલસાડ જિલ્લામાં તમામ ધર્મના તહેવારો શાંતિપૂર્વક ઉજવણી કરવા અપીલ કરી છે. આ કાર્યક્રમમાં વલસાડ ડીવાયએસપી, વલસાડ સીટી પોલીસ વલસાડ રૂરલ પોલીસ મથક તેમજ અન્ય પોલીસ કોથકના કર્મચારીઓ હાજર રહ્યા હતાં.

# ભીલાડમાં રંગારંગ હોળી મેળાવડો યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** સાલાસર બાલાજી પ્રચાર મંડળ ભિલાડ - સરીગામએ ગુરુવારે ભીલાડ ખાતે આવેલ ભંડારી સમાજના સાંસ્કૃતિક હોલમાં હોળી મેળાવડાનું આયોજન કર્યું હતું. કૃષ્ણ મારવાડી મ્યુઝિકલ ગ્રુપના કલાકારોએ રાજસ્થાની લોક સંસ્કૃતિમાં છવાયેલા ગીતો અને નૃત્યોના મનમોહક પ્રદર્શનથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતાં. લોક કલાકારો કૃષ્ણ મારવાડી અને નરેન્દ્ર ચંચલે ભગવાન ગણેશની આરાધના સાથે કાર્યક્રમની શરૂઆત કરી, જેમાં હોલિયા મેં ઉડે રે ગુલાલ અને બાબા નંદ કા દરબાર માચી હોળી જેવા ગીતોના મનમોહક પ્રદર્શન રજૂ કર્યા. જોધપુરની નર્તકો પ્રતિભા, મયુરી શર્મા અને મુંબઈની એન્જલ સિંહે 'મૈ ખાદી નીમ કે નીચે એકલી અને 'દેવર મ્હારો યો હરિયાએ રૂમાલ વાલો રે જેવા ગીતો પર તેમના રંગીન નૃત્ય પ્રદર્શનથી બધાને મંત્રમુગ્ધ કર્યા. મોડી રાત સુધી ચાલેલા આ કાર્યક્રમનો રાજસ્થાની પ્રવાસીઓ અને સ્થાનિક લોકો એ ખૂબ આનંદ માણ્યો, જેમણે આ અનોખા આયોજનની રાજસ્થાની સમાજ તેમજ સ્થાનિક લોકો એ ભારે પ્રશંસા કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન રાજસ્થાન થી ગુજરાતના ભીલાડ ગામમાં રહેતા રાજસ્થાની લોકો દ્વારા સંચાલિત સાલાસર બાલાજી પ્રચાર મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

# વલસાડ જિલ્લા પી.સી.એન્ડ પી.એન.ડી.ટી. એડવાઈઝરી કમીટિની મીટિંગ મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ મેડિકલ કોલેજના કેમ્પસમાં સ્થિત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી ખાતે પીસી એન્ડ પીએનડીટી એક્ટ ૧૯૯૪ અન્વયે જિલ્લા એડવાઈઝરી કમિટીની મીટિંગ કમિટીના ચેરપર્સન પૂર્વીબેન રાઠોડના અધ્યક્ષસ્થાને મળી હતી.

આ મીટિંગમાં ગત તા. ૨૦/૦૧/૨૦૨૬ના રોજ મળેલી મીટિંગની મિનિટ્સને બહાલી આપવામાં આવી હતી. આ સિવાય નવા સોનોગ્રાફી સેન્ટરના રજિસ્ટ્રેશન માટે આવેલી અરજીઓની ચકાસણી કરવામાં આવી હતી. પીસી એન્ડ પીએનડીટી એક્ટ હેઠળ જમા થતી રજિસ્ટ્રેશન ફીની નાણાકીય સમીક્ષા અને વર્ષ ૨૦૨૫-૨૬ ના ક્રોસ વેરીફિકેશન રિપોર્ટની સમીક્ષા કરવામાં આવી હતી. ત્યારબાદ અધ્યક્ષસ્થાનેથી રજૂ થતા કામોની ચર્ચા કરવામાં આવી હતી.

આ મીટિંગમાં ઈન્ચાર્જ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એ. કે. સિંગ, ગાયનેકોલોજિસ્ટ ડો. તરૂણ રાઠોડ, પિડિયાટ્રીશીયન ડો. ચિંટુ ચૌધરી, માઈક્રોબાયોલોજીસ્ટ ડો. પરિમલ પટેલ સહિત કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સબ ડિસ્ટ્રીક્ટ એપ્રોપ્રિએટ ઓથોરીટી (પી.સી.પી.એન.ડી.ટી.) અને વલસાડ તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડો. કમલ ચૌધરી, કપરાડાના ડો. મહેશ પટેલ, પારડીના ડો. પ્રકાશ રાઠોડ, વાપીના ડો. મૌનિક પટેલ, ધરમપુરના ડો. જિજ્ઞેશ માહલા, માહિતી શિક્ષણ અને પ્રસારણ અધિકારી પંકજ પટેલ અને પીસી એન્ડ પીએનડીટીના પ્રોગામ આસિસ્ટન્ટ પાર્થસિંહ રાવરાણા ઉપસ્થિત રહ્યા હતાં.

# વાપી મનપાની ચૂંટણીમાં કોંગ્રેસ તમામ બેઠક ઉપર ઉમેદવારી કરશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપી શહેર કોંગ્રેસ તરીકે નિયુક્તિ બાદ મહેશ શાહ દ્વારા કરેલ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે અગામી વાપી મહાનગરપાલિકાની આવી રહેલી ચૂંટણીમાં તમામ બાવન બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર હશે અને કોઈપણ પાર્ટી સાથે ગઠબંધન કરવામાં આવશે નહીં તેમજ ભાજપ વાપીમાં કોંગ્રેસને ખૂબ જ લાઈટ લેતી હતી તે ભાજપને કોંગ્રેસની ઉપસ્થિતિનો અહેસાસ કરાવવાની જાહેરાત કરી હતી. સાથે વાપીમાં નાગરિકોને પડતી મુશ્કેલીઓને તેઓ રજૂઆત મહાનગરપાલિકામાં કરી તેઓની સમસ્યાનો નિકાલ લાવશે તેમજ વાપી મહાનગરપાલિકા દ્વારા હાલમાં કરવામાં આવી રહેલા વિકાસના કામોને લઈ બે વર્ષમાં તમામ કામો પૂર્ણ થશે તેવી જાહેરાત તેઓએ કરી હતી.

મહેશ સેવંતીલાલ શાહ દ્વારા વાપીમાં એસીબી માં આઠ જેટલી લાચીયા અધિકારીઓની ટ્રેપ કરાવી છે.

તેમજ અગાઉ તેવો વાપી નગરપાલિકામાં એક ટર્મ માટે સભ્ય તરીકે સેવા બજાવી હતી. તેમજ અનેક સામાજિક સંસ્થા સાથે તેઓ જોડાયેલા છે.

આજની વાપી કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રેસ કોન્ફરન્સમાં વલસાડ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ કિશનભાઈ પટેલ, વાપી શહેર કોંગ્રેસ સમિતિના માજી પ્રમુખ નિમેષભાઈ વશી, વાપી કોંગ્રેસના આગેવાન પીર મહંમદ મકરાણી, વાપી નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા ખંડુભાઈ પટેલ સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતાં.



# પારડી હોસ્પિટલમાં રોજા ઈફતારી કિટ'નું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૧ :** પવિત્ર રમઝાન માસ નિમિત્તે દાઉદી બોહરા સમાજના ધર્મગુરુ સૈયદના મુફદ્દલ સૈફુદીન સાહેબની પ્રેરણાથી પારડી જમાતની મહિલા પાંખ દ્વારા માનવતા અને ભાઈચારાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે.

જમાતની 'બુનય્યાત' અને 'તાલેબાત' કમિટીના સભ્યોએ નગરના રક્ષકો અને જનપ્રતિનિધિઓની મુલાકાત લીધી હતી. જેમાં પારડી પોલીસ સ્ટેશનના પીઆઈ જી.આર. ગઢવી, પાલિકા પ્રમુખ ચેતનભાઈ નાયકા, તાલુકા પંચાયત પ્રમુખ દક્ષેશભાઈ પટેલ અને હોસ્પિટલના તબીબોને 'રોજા ઈફતારી કિટ' અર્પણ કરી સન્માનિત કરાયા હતાં. અલેફિયાબેન પારડીવાલા અને રશીદાબેન વોહરાના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજમાં પરસ્પર પ્રેમ અને સેવાની ભાવના મજબૂત કરવાનો છે.

# ચણોદમાં યોગ શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** રાજસ્થાન પ્રગતિ મંડળ અને પિરામિડ સ્પિરિચ્યુઅલ સોસાયટીઝ મૂવમેન્ટ દ્વારા વાપીના ચણોદ ખાતે આવેલ રાજસ્થાન ભવનમા મફત ધ્યાન યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પિરામિડ સ્પિરિચ્યુઅલ સોસાયટીઝ મૂવમેન્ટની સ્થાપના પર પ્રકાશ પાડતા ધ્યાન યોગ પ્રશિક્ષક વૃતિ એન. કારિયાએ સમજાવ્યું કે દક્ષિણ ભારતના કુર્નૂલમાં બ્રહ્મઋષિ પત્રીજીએ આ ચળવળની શરૂઆત આનાપાન સતી ધ્યાનની પ્રેક્ટિસ દ્વારા કરી હતી, જેનો અર્થ ભગવાન બુદ્ધ દ્વારા હિમાયત કરાયેલા કુદરતી શ્વાસ સાથે એક થવું છે. આજે, ધ્યાન, શાકાહાર, પિરામિડ ઉર્જા અને આધ્યાત્મિક વિજ્ઞાન વિશ્વભરમાં લોકોમાં ફેલાઈ રહ્યું છે. તેમણે અડધા કલાકની પ્રેક્ટિસમાં સહભાગીઓને આની ઝલક પણ આપી. રાજસ્થાન પ્રગતિ મંડળના પ્રમુખ રાજેશ દુગ્ગડે જણાવ્યું હતું કે આ ભૌતિકવાદી યુગમાં, બધી સુખ-સુવિધાઓ અને નાણાકીય સમૃદ્ધિ હોવા છતાં, માનવીઓ મનની શાંતિ અને સાચા આનંદનો અભાવ ધરાવે છે. આવા ધ્યાન યોગ શિબિરો દ્વારા, આપણે મનને એકાગ્ર કરીને જીવવાની કળા શીખીએ છીએ. કાર્યક્રમના સંયોજક સાજન સિંઘલે મુખ્ય વક્તા વૃત્તિકા કારિયા અને બિલ્ડિંગના હોમિયોપેથિક ક્લિનિકના ઈન્ચાર્જ ડૉ. તનુ છાબરા સહિત દરેકનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વલસાડ આઈટીઓ ધર્મેશ ટેકવાનીની આસિસ્ટન્ટ કમિશ્નર તરીકે બઢતી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** વલસાડ જિલ્લાના આવકવેરા વિભાગ આઈટીઓ (ITO) ધર્મેન્દ્ર ટેકવાનીની વિભાગ દ્વારા આસિસ્ટન્ટ કમિશનર (ACIT-IRS) તરીકે બઢતી કરવામાં આવી છે. ત્રણ દાયકાની દીર્ઘકાલીન સેવા અને શ્રેષ્ઠ કામગીરીના ફળસ્વરૂપે તેમને આ મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

ધર્મેન્દ્ર ટેકવાનીની કારકિર્દીનું સૌથી ગૌરવપૂર્ણ પાસું એ છે કે, દમણમાં તેમના કાર્યકાળ દરમિયાન તેમણે ૫૩ વર્ષ જૂની એટલે કે, વર્ષ ૧૯૭૦-૭૧અને વર્ષ ૧૯૭૧-૭૨ ના વર્ષની ડિમાન્ડની રૂ. ૧૦ કરોડથી વધુની વસૂલાત કરવા બદલ દેશના નાણામંત્રી નિર્મલા સીતારમન દ્વારા તેમને સર્ટીફિકેટ ઓફ એક્સેલન્સનો એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

વલસાડના કરદાતાઓ વચ્ચે તેઓ એક મૃદુ અને સહયોગી અધિકારી તરીકેની છાપ ધરાવે છે. નિયમોનું પાલન કરાવવાની સાથે કરદાતાઓ સાથેનો તેમનો વ્યવહાર હંમેશા પ્રશંસનીય રહ્યો છે, જેના કારણે તેઓ ડિપાર્ટમેન્ટ અને સામાન્ય જનતા બંનેમાં ખૂબ જ લોકપ્રિય બન્યા છે.

# વાપી સોશિયલ ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પિચકારી-ગુલાલનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપીમાં હોળી ધુળેટીના તહેવારને ધ્યાને લઈ વાપી સોશિયલ ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી કિરણ રાવલ દ્વારા ગરીબ જરૂરિયાત મંદ ૫૬૦૦ થી વધુ લોકોને ગુલાલ અને પિચકારી તેમજ ફુગ્ગાના પેકેટનો વિતરણ કરાયું હતું.

વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી એવા કિરણ રાવલ દ્વારા હોળી અને ધૂળેટીના તહેવારને ધ્યાનમાં રાખી વાપીના અલગ વિસ્તારમાં નાના બાળકો આ વર્ષ સમાજ સેવક કિરણ રાવલ દ્વારા વાપી તેમજ આજુબાજુના વિસ્તારમાં લગભગ ૫૬૦૦ જેટલી પિચકારી, કલર અને ફુગ્ગાના પેકેટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમાજ સેવક કિરણ રાવલના આ સમાજ સેવાના કાર્યથી નાના બાળકોના મોઢા પર ખુશ ખુશી જોવે મળી હતી અને સમાજ સેવક કિરણ રાવલે દરેક નાના બાળકોને આ ધૂળેટીના તહેવાર પોતાનું ખાસ ધ્યાન રાખવા સાવચેત કર્યા હતાં.

# કચીગામ પીએચસીથી એચપીવી ની રસીકરણ અભિયાન શરુ કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૧ :** યુનિવર્સલ ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામ હેઠળ કેન્દ્રશાસિત પ્રદેશો દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવમાં હ્યુમન પેપિલોમા વાયરસ (HPV) રસીકરણ અભિયાન ઔપચારિક રીતે શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાન કેન્દ્રશાસિત પ્રદેશમાં PHC કાચીગામ ખાતે એકસાથે શરૂ કરવામાં આવ્યું હતું. જે ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ અજમેરથી વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાષ્ટ્રીય સ્તરે HPV રસીકરણ અભિયાનના પ્રારંભ સાથે સુસંગત હતું. કાર્યક્રમ દરમિયાન, ૧૪ થી ૧૫ વર્ષની કિશોરીઓએ HPV રસી આપવામાં આવી હતી. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, HPV ચેપ મહિલાઓમાં સર્વાઈકલ કેન્સરનું મુખ્ય કારણ માનવામાં આવે છે. ભારતમાં મહિલાઓમાં જોવા મળતા મુખ્ય કેન્સરમાં સર્વાઈકલ કેન્સરનો સમાવેશ થાય છે, જેમાં મોટાભાગના કેસ ણ્ભ્ન્ ચેપ સાથે જોડાયેલા છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે HPV રસી આ કેન્સરને રોકવામાં ખૂબ અસરકારક છે અને રસીકરણ આ રોગને રોકવાનો સલામત માર્ગ છે. આ પ્રસંગે રાષ્ટ્રીય આરોગ્ય મિશન (DNH & DD)ના એમડી અમિત પમાસી, મેડિકલ સ્ટેટ પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રમોદ કોકરે, ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડૉ. બિજલ કાપડિયા, PHC કાચીગામના આરોગ્ય સ્ટાફ, રસી લેનારી કિશોરીઓ, તેમના માતાપિતા અને કાચીગામ સરકારી શાળાના આચાર્ય હાજર રહ્યા હતા.

આરોગ્ય વિભાગે માહિતી આપી હતી કે ણ્ભ્ન્ રસીકરણ અભિયાન આગામી ત્રણ મહિના સુધી ચલાવવામાં આવશે. આ સમયગાળા દરમિયાન, ૧૫ વર્ષની ઉંમર સુધી પહોંચેલી તમામ ૧૪ વર્ષની છોકરીઓને રસીકરણ હેઠળ આવરી લેવામાં આવશે. કેન્દ્રશાસિત પ્રદેશના તમામ આયુષ્માન આરોગ્ય મંદિરો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર રસીકરણ સુવિધાઓ ઉપલબ્ધ રહેશે.

રસીકરણ પછી બધા લાભાર્થીઓને ડિજિટલ પ્રમાણપત્ર પ્રાપ્ત થશે. માતાપિતા અને લાભાર્થીઓ U-WIN પોર્ટલ પર નોંધણી કરાવી શકે છે અને તેમના નજીકના રસીકરણ કેન્દ્ર પર સ્લોટ બુક કરાવી શકે છે.

# રિંગણવાડા ઉચ્ચ પ્રા. શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૧ :** રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસના સન્માનમાં આજે પીએમ ચંદ્રશેખર આઝાદ સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળા, રિંગણવાડા ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ઈન્ચાર્જ મુખ્ય શિક્ષક વીરેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને માર્ગદર્શન હેઠળ, શાળાએ વિજ્ઞાન પ્રોજેક્ટ પ્રદર્શન, ગણિત પ્રોજેક્ટ પ્રદર્શન, પઝલ ગેમ પ્રદર્શન અને જાદુઈ યુક્તિ પ્રદર્શનનું આયોજન કર્યું હતું. વિદ્યાર્થીઓની બત્રીસ ટીમોએ વિજ્ઞાન પ્રોજેક્ટ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. રિંગણવાડા પંચાયતના સરપંચ ચેતલીબેન કામલી, સોમનાથ પંચાયતના સરપંચ વર્ષિકાબેન પટેલ, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રીનાબેન પટેલ અને શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ શિરીષભાઈ દમણિયા, વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે વિજ્ઞાન દિવસ કાર્યક્રમની શરૂઆતમાં હાજર રહ્યા હતા.

રીનાબેન અને ચેતલીબેને વિદ્યાર્થીઓને વિજ્ઞાનમાં રસ વિકસાવવા અને ભવિષ્યમાં સમાન પ્રોજેક્ટ્સ પર ખાસ કામ કરવા માર્ગદર્શન આપ્યું. શાળાના ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓ, ૧થી ૧૨ તથા ધોરણ ૩થી ૮ના તમામ વિદ્યાર્થીઓએ લીધો હતો. આ પ્રસંગે ઉપસ્થિત તમામ મહેમાનોએ સંયુક્ત રીતે પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતું અને પ્રદર્શિત કરાયેલા તમામ વિજ્ઞાન મોડેલોનો અભ્યાસ કર્યા પછી, વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી હતી અને તમામ વિદ્યાર્થીઓને ચોકલેટ અને ફૂલોથી સન્માનિત કરીને પ્રોત્સાહિત કર્યા હતાં. શાળાના ઈન્ચાર્જ મુખ્ય શિક્ષક વિરેન્દભાઈ પટેલે આ પ્રસંગે હાજર રહેવા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા બદલ તમામ મહેમાનોનો ખાસ આભાર વ્યક્ત કર્યો હતો. આ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના કાર્યક્રમ નોડલ શિક્ષક હિરલબેન ઉમેશકુમાર અને સાથી શિક્ષકો આશાબેન હળપતિ, યજ્ઞશ ખંડલ, અથિરા નાયર, સચિન, ધીરજ અને અન્ય તમામ શિક્ષકોનો ખાસ સહયોગ રહ્યો હતો.

# સેલવાસમાં ચેસ ગ્રાન્ડમાસ્ટર સાથે માસ્ટર ક્લાસ સફળતાપૂર્વક યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૧ :** કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ વહીવટીતંત્રના રમતગમત અને યુવા બાબતો વિભાગ દ્વારા સિલ્વાસામાં ચેસ ગ્રાન્ડમાસ્ટર સાથે માસ્ટર ક્લાસ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રશાસક પ્રફુલ પટેલના દૂરંદેશી દ્રષ્ટિકોણ અને રમતગમત સચિવ ડૉ. અરુણ ટી. પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં રમતગમતને નવી ઊંચાઈએ લઈ જવાના ઉદ્દેશ્ય સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમના નેતૃત્વ હેઠળ, રાજ્યમાં વિવિધ રમતોમાં સતત નવીન અને પ્રેરણાદાયી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જેમણે રાજ્યમાં ચેસના વિકાસમાં તેમના યોગદાન અને મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો. આ કાર્યક્રમ સિલ્વાસાના ડોકામર્ડી ખાતે અબ્દુલ કલામ કોલેજ નજીક, ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે યોજાયો હતો. સેન્ટરના ઈન્ચાર્જ પાલબ દાસગુપ્તા હાજર રહ્યા હતા. વિભાગના અધિકારીઓ દેવરાજ સિંહ રાઠોડ, મહેશ પટેલ અને સાગર રાવે કાર્યક્રમને સફળ બનાવવામાં નોંધપાત્ર સહયોગ આપ્યો. આ કાર્યક્રમ રાજ્યમાં ચેસના વિકાસ અને યુવાનોને રમતગમત તરફ પ્રેરણા આપવા માટે એક મહત્વપૂર્ણ પગલું સાબિત થયો.

# ટ્રાઈડેન્ટ ગૃપ દ્વારા ભારતીય સ્તરે ભરતી અભિયાન રોજગાર નિમણૂક કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** ટ્રાઈડેન્ટ ગ્રુપની મુખ્ય કંપની અને ભારતની અગ્રણી બિઝનેસ ગ્રુપ પૈકીની એક એવી ટ્રાઈડેન્ટ લિમિટેડ દ્વારા તેના મેન્યુફેક્ચરિંગ એકમોમાં ૩,૦૦૦ થી વધુ કર્મયોગીઓની નિમણૂંક કરવા માટે એક વ્યાપક ભરતી અભિયાનની જાહેરાત કરવામાં આવી છે. આ ભરતી ઝુંબેશ કાપડ ઉત્પાદન (ટેક્સટાઈલ મેન્યુફેક્ચરિંગ) ક્ષેત્રમાં કૌશલ્ય વિકાસને મજબૂત કરવા અને રોજગાર નિર્માણ વધારવાના રાષ્ટ્રીય એજન્ડાને અનુરૂપ હાથ ધરવામાં આવી રહી છે. ટ્રાઈડેન્ટ ગ્રુપના ગ્રુપ ઘ્ત્ન્ પૂજા બી. લુથરાએ આ જાહેરાત અંગે ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે, ટ્રાઈડેન્ટમાં અમે દ્રઢપણે માનીએ છીએ કે પ્રતિભા એ ભારતના ઉત્પાદન ક્ષેત્રના પરિવર્તનનો પાયો છે. આ મોટા પાયાની ભરતી પહેલ દ્વારા, અમે રાષ્ટ્રીય વિઝનને સમર્થન આપવાની સાથે અમારા કાર્યબળને પણ મજબૂત બનાવી રહ્યા છીએ. વ્યવસાયિક વિસ્તરણ ઉપરાંત, અમારું ધ્યાન લાંબા ગાળાની કારકિર્દી ઘડવા, સમુદાયોને સશક્ત બનાવવા અને વૈશ્વિક ઉત્પાદન નેતૃત્વ તરફની ભારતની સફરમાં અર્થપૂર્ણ યોગદાન આપવા પર છે. સ્પર્ધાત્મક પગાર ઉપરાંત, કર્મચારીઓને પર્ફોર્મન્સ-લિંક્ડ ઈન્સેન્ટિવ્સ, લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ, નિ:શુલ્ક હોસ્ટેલ સુવિધા, સબસિડીયુક્ત ભોજન, સ્પોર્ટ્સ અને જીમ જેવી સુવિધાઓ આપવામાં આવશે.



# શાંતિ અને સલામતી માટે નવાં સંગઠન

**આતંકવાદ -થમ વિષય છે તે પછી શાંતિ અને વિકાસ ઉપર ભાર મૂકાશે. ïવિશ્વગુરું કહો કે ના કહો, પણ આ દિશામાં આવો -યાસ - વસુધૈવ કુટુમ્બકમ્ - કરનારો ભારત -થમ દેશ છે. આ અગાઉ અમેરિકા, યુકે, રશિયા, જર્મની, ફ્રાન્સ, ઈઝરાયલ તથા ઈરાન સાથે આવાં મૈત્રીજૂથ બનાવાયાં છે. આપણો આશય શાંતિ સામેના ખતરા ઊગતા ડામવાનો છે. રાષ્ટ્રહિત માટે ડિપ્લોમસીનો માર્ગ શ્રેષ્ઠ છે.**

**વિશ્લેષણ**

**કુન્દન વ્યાસ**

પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, ટ્રેડ ઓર્ગેનાઈઝેશન WHO - જેવી વૈશ્વિક સંસ્થાઓ નિક્રિય અને નબળી બનાવી દીધી છે. યુનાઈટેડ નેશન્સને પણ નબળું બનાવીને આપખુદી ચલાવી રહ્યા છે. વિશ્વનો નક્શો જાણે બદલવા માગે છે. 'માઈટ ઈઝ રાઈટ' - જીસકી લાઠી ઉસ કી ભૈંસ જેવો ઘાટ છે. શાંતિ અને સંવાદ એક માત્ર માર્ગ વિશ્વ સમક્ષ છે. અત્યારે પશ્ચિમ એશિયામાં સ્ફોટક સ્થિતિ છે, ત્યારે પશ્ચિમ એશિયામાં શાંતિ અને સ્થિરતા સાથે ભારતની સલામતી સંકળાયેલી છે, તેથી ઈઝરાયલ અને યુએઈ સાથે હાલ મિલાવ્યા છે. ભારતે દાયકાઓથી ઈરાન અને પર્સિયા વચ્ચે, શિયા-સુન્ની વચ્ચે તથા ઈરાન અને ઈઝરાયલ તથા સાઉદી અરેબિયા વચ્ચે સમતુલા જાળવી છે, પણ હવે સમય - સંજોગ અનુસાર સુધારા થઈ રહ્યા છે. પાકિસ્તાની આતંકનો જવાબ આપવા ભારતે પગલાં ભર્યાં, ત્યારે ચીને પાકિસ્તાનને મદદ કરી - તુર્કી પણ તેની સાથે જોડાયું અને ટ્રમ્પે તો છડેચોક મુનીરને થાબડયા અને ટ્રમ્પની સૂચના મુજબ સાઉદીએ પાકિસ્તાન સાથે સંરક્ષણ કરાર કર્યા. ઈઝરાયલે - કદાચ ભૂલથી - કતાર ઉપર હુમલો કર્યો તેથી સાઉદીએ ભારતના વિરોધમાં પાકિસ્તાન સાથે હાથ મિલાવ્યા છે. હકીકતમાં સાઉદી સાથે આપણા સંબંધ ઘણા સારા રહ્યા છે, પણ પાકિસ્તાનનાં અણુશસ્ત્રો માટે નાણાં સાઉદી પૂરાં પાડે છે. આ દરમિયાન સુદાન અને યમનના પ્રશ્ને સાઉદીના સંબંધ યુએઈ સાથે વણસ્યા. યુએઈના શાસકે ભારતની મુલાકાત લીધી અને સંરક્ષણ સમજૂતી થઈ છે. અત્યારે ઈન્ડિયા, ઈઝરાયલ અને યુએઈનો નવો 'મોરચા' છે. અમેરિકા અને ચીન બંને પોતાના વ્યૂહ અજમાવી રહ્યા છે, ત્યારે પશ્ચિમ એશિયામાં ઈઝરાયલ સાથે ભારત સક્રિય છે. ભારતે યુએઈ અને ઈઝરાયલ સાથે સંબંધ વધુ ગાઢ બનાવ્યા છે. દ્વિપક્ષી કરારથી આગળ વધી રહ્યા છે. સાઉદી અરેબિયાને સ્પષ્ટ સંદેશ છે કે, પાકિસ્તાનને અંકુશમાં રાખવાનો અને ચીનની વગ વધે નહીં તે જોવાનો અમારો નિર્ધાર છે. વડાપ્રધાન મોદીએ ઈઝરાયલની બે દિવસની મુલાકાતમાં ઘણા મહત્ત્વના કરાર કર્યા છે. સંરક્ષણ, સ્પેસ, ટેક્નોલોજી વગેરે. નોંધપાત્ર છે કે, ભારતે ૨૦૧૪થી ૨૦૨૪ના ગાળામાં સંરક્ષણ જરૂરિયાતોના ૩૮ ટકા શસ્ત્ર સામાન આયાત - ઈઝરાયલથી ખરીદ કર્યો છે. ભારત, ઈઝરાયલ, ગ્રીસ, સાયપ્રસ અને કેટલાક આરબ દેશોનું ગ્રુપ બન્યું છે. ભારત મધ્યપૂર્વનો ઈકોનોમિક કોરિડોર બનાવશે. સલામતી ઉપરાંત વ્યાપાર - વિકાસ પણ થશે. પાકિસ્તાની આતંકવાદ અને ચીનની સહાયથી આક્રમણ કરવાની પેરવી સામે ભારતે મજબૂત પાળ બાંધી છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાને 'ફરીથી મહાન' બનાવવા માટે ટેરિફ આક્રમણ શરૂ કર્યું. યુક્રેન ઉપર રશિયન આક્રમણ બંધ કરાવવા રશિયન ક્રૂડતેલની ખરીદી બંધ કરવા ભારત ઉપર દબાણ શરૂ કર્યું. આ દરમિયાન ઈરાનમાં સત્તાપલટો કરાવવા અને અણુશક્તિનો વ્યાપ બંધ કરાવવા માટે આક્રમણ તોળાઈ રહ્યું છે. વિશ્વશાંતિ ઉપર ગંભીર જોખમ છે - તેની શરૂઆત 'હમાસ' દ્વારા ઈઝરાયલ ઉપર અચાનક આતંકી આક્રમણ કરીને નાગરિકોની કત્લેઆમ પછી થઈ છે. ઈઝરાયલે આતંકનો જબરદસ્ત જવાબ આપ્યો અને અમેરિકાએ પણ ધાક-ધમકી શરૂ કરી. આ સંજોગોમાં ભારતે આપત્તિને અવસર બનાવીને વિશ્વમાં નવા સંબંધ - શરૂ કર્યા. વ્યાપાર - ક્ષેત્રે તો નવી દિશાઓ ખોલી અને આતંકવાદને ખતમ કરવા માટે આગેવાની લીધી. વિશ્વમાં ભૌગોલિક રાજકારણ બદલાઈ રહ્યું છે તેમાં ભારત અને ઈઝરાયલ અગ્રણી ભાગ ભજવે છે. આતંકવાદ બાબત બેવડાં ધોરણ નહીં ચલાવી લેવાય અને સંગ્રામ પહેલાં સંવાદનું મહત્ત્વ શાંતિ અને સલામતી માટે નવાં સંગઠન અને સંબંધ વિકસી રહ્યા છે. આતંકવાદ અને ડાબેરી - માઓવાદી અંતિમવાદનો પ્રતિકાર થઈ શકે છે, થઈ રહ્યો છે. ભારતીય સેના - સુરક્ષા દળો સક્ષમ છે. હિંસા અને અહિંસા બંને ઉપાય અજમાવાયા છે, પણ આતંકવિરોધી સાવધાનીમાં પણ ભારતે પહેલ કરી છે. ઓપરેશન સિંદૂર પછી સંસદીય પ્રતિનિધિમંડળો વિદેશોમાં મોકલીને ભૂમિકા તૈયાર કરી. આ પછી હવે લોકસભાના સ્પીકરે વિશ્વના ૬૪ જેટલા દેશ સાથે ïમૈત્રી ગ્રુપઁ બનાવ્યાં છે. સંસદનાં બંને ગૃહના ૧૧ સભ્યનાં એક એવાં ગ્રુપ બનાવ્યાં છે. આ સભ્યો વિદેશોમાં સંપર્ક સાધીને વિશ્વની સમસ્યાઓ બાબત વિચાર વિનિમય કરશે. ભારતનાં દૃષ્ટિબિંદુ સમજાવશે. આતંકવાદ પ્રથમ વિષય છે તે પછી શાંતિ અને વિકાસ ઉપર ભાર મૂકાશે. ïવિશ્વગુરુઁ કહો કે ના કહો, પણ આ દિશામાં આવો પ્રયાસ - વસુધૈવ કુટુમ્બકમ્ - કરનારો ભારત પ્રથમ દેશ છે. આ અગાઉ અમેરિકા, યુકે, રશિયા, જર્મની, ફ્રાન્સ, ઈઝરાયલ તથા ઈરાન સાથે આવાં મૈત્રીજૂથ બનાવાયાં છે. આપણો આશય શાંતિ સામેના ખતરા ઊગતા ડામવાનો છે. રાષ્ટ્રહિત માટે ડિપ્લોમસીનો માર્ગ શ્રેષ્ઠ છે. યુક્રેનનાં સમાધાન માટે પણ ભારતે સંગ્રામ પહેલાં સંવાદની હિમાયત કરી છે. ભારતીય સંસદીય પ્રતિનિધિમંડળોની આગેવાની વિપક્ષી નેતાઓને પણ સોંપવામાં આવી છે. શશી થરૂર, પી. ચિદમ્બરમ્, કે. સી. વેણુગોપાલન, મનીષ તિવારી, ડીએમકેના કે. કનીમોઝી, અખિલેશ યાદવ, 'આપ'ના સંજયસિંહ તથા ઓવૈસીનો સમાવેશ થાય છે. પ્રિયંકા વડરા ગાંધી અખિલેશ યાદવનાં ગ્રુપમાં નિમાયાં છે ! દરમિયાન કેન્દ્ર સરકારે આતંકવાદ વિરોધી નીતિ 'પ્રહાર' જાહેર કરી છે. આ નીતિ સાથે વ્યૂહ - સ્ટ્રેટેજી છે. અત્યાર સુધી આતંકવાદનો શિકાર આપણે એકલા જ હતા અને વિશ્વના દેશો માત્ર નિવેદનો બહાર પાડીને સહાનુભૂતિ વ્યક્ત કરતા હતા. સિંદૂર ઓપરેશન પછી ભારતે વિશ્વના અગ્રણી દેશોમાં ભારતીય સંસદસભ્યોનાં પ્રતિનિધિમંડળો મોકલી અસરકારક રજૂઆત કરીને દુનિયાને જગાડી છે. સાવધાન કર્યા પછી સૌનો સાથ-સહકાર મેળવવાના પ્રયાસ શરૂ થયા છે. ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ વોર શરૂ કર્યા પછી વિશ્વમાં એકમાત્ર મહાસત્તા અને પોતે મહાનાયક હોવાનું બતાવી રહ્યા છે, ત્યારથી વિશ્વનું ભૌગોલિક રાજકારણ પલટાઈ ગયું છે. વ્યાપાર ટેરિફના માર્ગ પછી હવે સશસ્ત્ર આક્રમણના માર્ગે છે. ભારતે વ્યાપાર માટે વિકલ્પ શોધી લીધા. અનેક દેશો સાથે દ્વિપક્ષી કરાર કરી લીધા છે, પણ ટ્રમ્પે શાંતિ પુરસ્કાર મળવાની આશાએ પાકિસ્તાનના લશ્કરી - ફિલ્ડ માર્શલ મુનીરને મદદ કરીને ભારત સામે પડકાર ઊભો કર્યો, પણ અત્યારે પાકિસ્તાનની દશા છે - અફઘાન અને પઠાણ કોમે આંતરવિગ્રહ શરૂ કર્યો છે, પણ પાકિસ્તાનમાં લોકશાહી અને લોકોને બચાવવાની ચિંતા ટ્રમ્પને નથી ! મુનીર તો બાંગ્લાદેશને ઉશ્કેરીને ભારત સામે બદલો લેવા માગે છે, પણ તેની બાજી ઊંધી વળી છે. બાંગ્લાદેશ ભારત સાથે સંબંધ સુધારવા માગે છે. શ્રીલંકા પણ ભારત સાથે મૈત્રીસંબંધ રાખવા માગે છેઁ પણ પાકિસ્તાન સામે ભારત સાવધાન છે. વિશ્વના ૬૪ દેશ સાથે મૈત્રી જૂથના વ્યૂહ પાકિસ્તાનને 'વૉર્નિંગ' છે.

# વૃદ્ધો : સંસ્કાર, રીતરિવાજ અને પરંપરાના સંવાહકો

**સંસ્કૃતમાં 'વૃદ્ધ' શબ્દનો અર્થ જ 'વધારો' એવો થાય છે. એટલે જ ભારતીય ઋષિઓ વૃદ્ધ હોઈ શકે અથવા તો વૃદ્ધ ઋષિ હોઈ શકે. વૃદ્ધો જ્ઞાન અને અનુભવથી સમૃદ્ધ થયા છે. વૃદ્ધો સમાજનો સેતુબંધ છે. એટલે જ વૃદ્ધ માટે પાંડુરંગ શાસ્ત્રીજી કહે છેઁ માઁ બાપઁ ગુરુઁ અનુભવઁ અનાસક્તિ = દાદા-દાદી.**

**મનનમ્**



**ડો. યોગેશ ગોરાને**
આચાર્ય
વિનય મંદિર, દાંડી

**वृद्धश्च यः सम्प्राप्तः परं**
**ज्येष्ठः स उच्यते ।**
**तस्मै नमो भगवते वृद्धाय**
**जगतां पतेः ॥**

અર્થાત્ તે ભગવાન અને જગતના સ્વામી જેવા જ્યેષ્ઠ વૃદ્ધને નમસ્કાર છે. મહાભારતમાંથી ઉદ્ધૃત કરેલા આ શ્લોકમાં વૃદ્ધોને જ્ઞાની અને પૂજનીય કહ્યા છે. આ શ્લોક દ્વારા મહાભારત ખરેખર વૃદ્ધોને જગતના સ્વામી (સમાજના આધારસ્તંભ) અને ભગવાન કહે છે. વૃદ્ધો બે પેઢીને જોડનાર સેતુ છે. વૃદ્ધો ગઈ પેઢીના સંસ્કાર રીતરિવાજ, પરંપરાને આગલી પેઢીમાં પહોંચાડનાર સંવાહકો છે. આ વૃદ્ધો સમાજની શોભા છે. ૨૦૨૬ સુધી ભારતમાં વૃદ્ધોની વસ્તી કુલ વસ્તીના ૧૪ ટકા જેટલી થવા જઈ રહી છે. તેમાંય આપણાં ગુજરાતમાં પણ વૃદ્ધોની સંખ્યા ઝડપથી વધી રહી છે ત્યારે વૃદ્ધાવસ્થાનું ગૌરવ કરવાનો પ્રયત્ન કરીએ.

પ્રાચીન ભારતમાં વૃદ્ધોને 'ગુરુ' કે 'જ્ઞાનના મુખ' કહેવાતા. ભારતીય આશ્રમ વ્યવસ્થા અનુસાર મોટેભાગેના વૃદ્ધો પોતાનાં જ્ઞાન અને કુશળતાને તપોવન, ગુરુકુળ કે આશ્રમોમાં વિદ્યાર્થીઓને શીખવવામાં સમર્પિત કરતાં હતાં. આ રીતે ગુરુકુળમાં વિદ્યાર્થીઓના સંપર્કમાં રહીને પોતાના જ્ઞાનને નવી પેઢીમાં સંક્રાંત કરવાના પ્રયત્નથી તેઓ હંમેશા સમાજાભિમુખ રહેતા. આમ હંમેશા સમાજ નિર્માણ અને સંસ્કૃતિ ઘડતર માટે પ્રયત્નશીલ વૃદ્ધોને જ ઋષિ કહી શકાય. આથી જ ભારતીય સંકલ્પના પ્રમાણે આપણે ઋષિને વૃદ્ધ તરીકે જ કલ્પીએ છીએ. ઋષિની



કલ્પના કરતી વખતે આપણા મનમાં ક્યારેય કોઈ યુવાનની છબી ઉપસતી નથી. એનો અર્થ એટલો જ થઈ શકે કે વૃદ્ધ હંમેશા અનુભવી અને જ્ઞાની હોય.

વૃદ્ધાત્વ અનુભવનું અમૃત છે પણ એ વૃદ્ધત્વને જ્યારે કોઈક નાની કે નકામી સાંસારિક બાબતોમાં વેડફે છે ત્યારે તે વૃદ્ધત્વનું અપમાન કહેવાય છે. ત્યારે તે ઉંમર વધવાને કારણે મોટી થયેલ વ્યક્તિ વૃદ્ધ નહીં પણ ઘરડો બને છે. ઘરડો અને વૃદ્ધ બંને શબ્દો જ દર્શાવે વય અને અનુભવના અંતરને સ્પષ્ટ કરે છે. જેમ કે, જે ઘસાઈ ગયો છે તે ઘરડો અને જે વધી પડ્યો છે તે વૃદ્ધ. સંસ્કૃતમાં 'વૃદ્ધ' શબ્દનો અર્થ જ 'વધારો' એવો થાય છે. એટલે જ ભારતીય ઋષિઓ વૃદ્ધ હોઈ શકે અથવા તો વૃદ્ધ ઋષિ હોઈ શકે. કારણ કે તે જ્ઞાન અને અનુભવથી સમૃદ્ધ થયા છે. જ્યારે આ પ્રકારનો ઘરડો કોઈક નકામા અહમ્ કે ગેરસમજને કારણે જડતાપૂર્વકનું વર્તન કરે ત્યારે ત્યારે બે પેઢીઓ વચ્ચે પેઢીઓનું અંતર (જનરેશન ગેપ) ઊભું થાય છે. કદાચ પ્રહ્લાદ અને હિરણ્યકશિપુ પણ એ જનરેશન ગેપના જ ઉદાહરણ છે. જે ઘરમાં બે પેઢીઓના વચ્ચે મતભેદ અને મનભેદ હોય ત્યાં હોળી જ થાય અને જ્યાં બે પેઢીઓ વચ્ચે મતઐક્ય થાય ત્યારે ઘરમાં દિવાળીની જ્ઞાનનો પ્રકાશ ફેલાય. વૃદ્ધો સમાજનો સેતુબંધ છે પણ આજે એ સેતુબંધ તૂટવા માંડ્યો છે. એનું એક કારણ વૃદ્ધોને સહન કરવી પડતી એકલતા છે. આ એકલતા નિર્માણ થવા માટેના ઘણા બધાં કારણોમાંથી એક કારણ આધુનિક શિક્ષણ પણ છે. આધુનિક શિક્ષણે ઘણાં સંયુક્ત કુટુંબને વિભક્ત કુટુંબમાં ફેરવ્યા છે. સારું શિક્ષણ અને સારા જીવનના હેતુથી ઘણાં ગામડાઓ તૂટ્યા અને કુટુંબો વિખેરાયા છે. નવી પેઢી શહેરોમાં ન્યુક્લિયર ફેમિલીમાં અને વૃદ્ધોની જૂની પેઢી ગામડાઓમાં એકલતામાં જીવન જીવવા મજબૂર થયા છે. ખરેખર તો આધુનિક શિક્ષણે પેઢી વચ્ચેનો આ સંસ્કાર સેતુ તોડી નાખ્યો પણ આજે એની ચિંતા છે કોઈને? એટલે જ સમાજમાં અનેક સમસ્યાઓ ઊભી થઈ રહી છે સમાજ સંસ્કાર અને સભ્યતાથી તૂટી રહ્યો છે કારણ કે એ સંસ્કાર વડલાની છાયા જ નથી મળતી, હવે કેટલા બાળકોને દાદા-દાદીનો પ્રેમ અને હુંફ પ્રાપ્ત થાય છે? કુટુંબમાં દાદા કે દાદીનું ખૂબ મહત્વ છે એટલે જ પાંડુરંગ શાસ્ત્રીજી કહે છેઁ માઁ બાપઁ ગુરુઁ અનુભવઁ અનાસક્તિ = દાદા-દાદી. હવે આ અનુભવ અને અનાસક્તિના પ્રતીક વૃદ્ધો નિરાશા અને નિશાસામાં પોતાની પાછલી જિંદગીના દિવસો પસાર કરે છે. વાર-તહેવારે એકલતા દૂર થાય અને શહેરમાં વસતા પૌત્ર પુત્રીઓ ગામડે આવે એવી આશા રાખે છે પણ હવે તો મોબાઈલ એ આશા પણ છીનવી લીધી છે. કાં તો શહેરીકરણની માયા ગામડાં સુધી બાળકોને પહોંચવામાં અડચણરૂપ થાય છે. પરિણામે ઘરડાઓ એકલા જ રીબાય છે કાં તો ઘરડા ઘરમાં કૃત્રિમ હાસ્ય કરવાનો -યત્ન કરે છે. ઘરડાઓને એકલતાને મુકેશ જોશી (ધોરણ ૧૨ ગુજરાતી પાઠ્યપુસ્તક કવિતા ૨૦) 'બા એકલા જીવે'માં યથાર્થ પ્રગટાવી છે. (તા.૨૮/૦૨/૨૦૨૬ના રોજ ગણદેવી સિનિયર સિટીઝન વેલ્ફ વેલફેર ક્લબ માટે તૈયાર કરેલ વક્તવ્યનો સંક્ષિપ્તસાર.)

# ઠીકરું બીજાના માથે અને આપણે અત્તરનું પૂમડું?

**પૌરુષ**



**અંકિત દેસાઇ,**
ટુકવાડા

સોશિયલ મીડિયાના આજના આભાસી યુગમાં વિચારોનું પ્રદૂષણ વાસ્તવિક પ્રદૂષણ કરતા પણ વધુ ઘાતક બની રહ્યું છે. હમણાં ઈન્સ્ટાગ્રામ પર એક રિલ નજરે ચઢી, જેમાં લખ્યું હતું કે 'ડિપ્રેશન કોઈ કુદરતી બીમારી નથી, પણ તમારી જિંદગીમાં રહેલા ઘટિયા લોકોએ આપેલી ભેટ છે.' આશ્ચર્યની વાત એ નથી કે કોઈએ આવું લખ્યું, પણ આઘાતની વાત એ છે કે હજારો લોકોએ આ મિડિયોકર વિચારને 'વાહ-વાહ' કહીને શેર કર્યો. આ એક રિલ માત્ર નથી, પણ આપણા સમાજમાં ઘર કરી ગયેલી એક માનસિકતાનો પુરાવો છે. આપણે કેટલી આસાનીથી આપણી સ્વભાવગત મર્યાદાઓ, આપણી નબળાઈઓ અને આપણી નિષ્ફળતાઓનું ઠીકરું બીજાના માથે ફોડી દઈએ છીએ. ખાસ કરીને પુરુષોમાં, જેમને ઘણીવાર મજબૂત માનવામાં આવે છે, ત્યાં પણ આ 'વિક્ટિમ કાર્ડ' રમવાની વૃત્તિ વકરી રહી છે. આપણે ડિપ્રેશન, એન્ક્ઝાઈટી કે એકલતા માટે તરત જ સામેવાળી વ્યક્તિ કે સંજોગોને જવાબદાર ઠેરવી દઈએ છીએ. પણ શું આપણે ક્યારેય એ વિચાર્યું છે કે આપણી માનસિક અવસ્થાનો રિમોટ કંટ્રોલ બીજાના હાથમાં કેવી રીતે ગયો? સામેની વ્યક્તિ કે સંજોગ તો ગમે તેવા હોઈ શકે, પણ એ સંજોગોથી કેટલા પ્રભાવિત થવું અને પોતાની જાતને કેવી રીતે ઘડવી, શું એ આપણી અંગત જવાબદારી નથી?

જ્યારે આપણે બીજાને 'ઘટિયા' કહીએ છીએ, ત્યારે આપણે અજાગૃતપણે એવું માની લઈએ છીએ કે આપણે પોતે તો દૂધે ધોયેલા છીએ. આપણે જાણે 'અત્તરનું પૂમડું' હોઈએ તેમ બીજાની ગંદકીની ચર્ચા કરીએ છીએ, પણ શું આપણે ક્યારેય આપણા પોતાના આચરણ, આપણી વાણી કે આપણા નિર્ણયોનું તટસ્થ નિરીક્ષણ કર્યું છે? શું આપણે ક્યારેય કોઈને દુ:ખી નહીં કર્યા હોય? શું આપણા અહંકાર કે આપણી




જિદને કારણે કોઈની જિંદગીમાં આપણે 'ઘટિયા' પાત્ર નહીં બન્યા હોઈએ? સત્ય તો એ છે કે આપણે બીજામાં રહેલી ખરાબીઓ શોધવામાં એટલા વ્યસ્ત છીએ કે આપણી અંદર રહેલા અંધકારને જોવાની ફૂરસદ જ આપણને નથી. શાસ્ત્રોમાં કદાચ 'મિડિયોકર' એટલે કે મધ્યમ શ્રેણીના લોકો તેમને જ કહ્યા હશે જેઓ પોતાની ભૂલો સ્વીકારવાને બદલે બીજા પર દોષારોપણ કરીને છટકી જવાનો માર્ગ શોધતા હોય છે. આત્માના ઊંડાણમાં ઉતરવા માટે આત્મમંથનની જરૂર છે, પણ એની ય પહેલા જે અનિવાર્ય છે તે છે 'આત્મનિરીક્ષણ' અથવા 'સેલ્ફ-અસેસમેન્ટ'. આપણે આત્મનિરીક્ષણની બાબતમાં અત્યંત નબળા સાબિત થયા છીએ.

પોતાની પીડા કે હારને બીજા પર ઢોળી દેવી એ બહુ આસાન રસ્તો છે, કારણ કે એમાં આપણે કશું જ કરવાનું રહેતું નથી. જો હું એમ કહી દઉં કે 'મારું ડિપ્રેશન પેલા માણસને કારણે છે', તો મેં મારી જાતને એમાંથી બહાર આવવાની જવાબદારીમાંથી મુક્ત કરી દીધી. પણ જો હું એમ કહું કે 'હું દુ:ખી છું કારણ કે મેં સામેવાળાની વાતને મારા પર હાવી થવા દીધી', તો ત્યાંથી પરિવર્તનની શરૂઆત થાય છે. પુરુષ તરીકે, જે રીતે આપણને સંઘર્ષો વચ્ચે અડગ રહેવાનું શીખવવામાં આવે છે, ત્યાં આ રીતે બીજાના ઓશિયાળા બનીને જીવવું એ કાયરતા છે. જિંદગીમાં જ્યારે પણ કંઈક ખરાબ થાય ત્યારે આંગળી બીજા તરફ ચીંધાય એ પહેલાં હથેળી પોતાની તરફ ફેરવવાની જરૂર છે. શું આપણે એટલા નબળા છીએ કે કોઈના શબ્દો કે કોઈના વ્યવહાર આપણી માનસિક શાંતિને ક્ષણભરમાં છિન્નભિન્ન કરી નાખે? આત્મનિરીક્ષણ આપણને શીખવે છે કે દુનિયા તો એવી જ રહેવાની, લોકો પણ બદલાવાના નથી, બદલાવ માત્ર આપણી અંદર આવી શકે છે.

આજે સોશિયલ મીડિયા પર જે પ્રકારનું કન્ટેન્ટ વાયરલ થાય છે, તે આપણને સતત એમ કહે છે કે 'તમે તો સાચા જ છો, દુનિયા જ ખરાબ છે.' આ માનસિકતા આપણને કાયમી બિચારા બનાવી દે છે. જિંદગીમાં સફળતા કે નિષ્ફળતા એ સંજોગોનું પરિણામ હોઈ શકે, પણ આપણી માનસિક સ્થિતિ એ તો આપણા ઘડતરનું પરિણામ છે. જો આપણે આપણી જાતને મજબૂત રીતે ઘડી હોય, જો આપણે આપણા સ્વભાવની મર્યાદાઓને ઓળખી લીધી હોય, તો કોઈ પણ 'ઘટિયા' વ્યક્તિ આપણને ડિપ્રેશનની ભેટ આપી શકતી નથી. પીડા ત્યારે જ થાય છે જ્યારે આપણે અંદરથી પોલા હોઈએ છીએ. આપણે આપણા નિર્ણયોની જવાબદારી લેતા શીખવું પડશે. જો સંબંધોમાં ખટાશ આવી હોય, જો ધંધામાં નુકસાન થયું હોય કે જો માનસિક શાંતિ હણાઈ હોય, તો એમાં ક્યાંક ને ક્યાંક આપણો પણ ફાળો હોય જ છે. આ સત્યને સ્વીકારવા માટે જિગર જોઈએ, અને જે પુરુષ આ સત્ય સ્વીકારી શકે છે, તે જ ખરા અર્થમાં 'આત્મનિરીક્ષણ' કરી શકે છે.

ઈનશોર્ટ, આપણે સૌએ એટલું જ સમજવાની જરૂર છે કે બીજા પર ઠીકરાં ફોડવાનું બંધ કરીને જે દિવસે આપણે અરીસા સામે ઊભા રહીને આપણી પોતાની ખરાબીઓ સાથે આંખ મિલાવીશું, તે દિવસથી સાચા અર્થમાં આપણો વિકાસ શરૂ થશે. આપણે કોઈ અત્તરનું પૂમડું નથી કે જેની સુગંધ કાયમી રહે, આપણે માણસ છીએ અને આપણી અંદર પણ એટલી જ ખામીઓ છે જેટલી આપણે બીજામાં શોધીએ છીએ. 'મિડિયોકર' રહેવું કે પછી આત્મનિરીક્ષણ દ્વારા ઉપર ઉઠવું, એ ચૂંટણી આપણી પોતાની છે. જિંદગી આપણી છે, તો એની તકલીફોની જવાબદારી પણ આપણી જ હોવી જોઈએ. જે દિવસે આપણે આપણી નિષ્ફળતાના માલિક બનીશું, તે જ દિવસે આપણે આપણી સફળતાના પણ હકદાર બનીશું. બીજાને દોષ દઈને છટકવાને બદલે પોતાની અંદર ડોકિયું કરવું એ જ શ્રેષ્ઠ આત્મમંથન છે. અને તો જ આપણે બીજાઓથી જૂદા તરી પણ આવીશું, નહીંતર આપણે પણ કરોડો લોકોમાંના એક બની જઈશું, જે કોઈ દેશ માટે અથવા સમાજ માટે કોઈ વ્યક્તિ નથી, પરંતુ માત્ર એક માથું છે અથવા કોઈ આંકડો છે.

# ગુજરાતમાં ગરમી ભુક્કા બોલાવશે



(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૧

શિયાળો હવે ગુજરાત સહિત દેશમાંથી વિદાય લઈ રહ્યો છે. ઉનાળાનો હવે અનુભવ થવા લાગ્યો છે. જોકે, આ વર્ષના ગરમીના મોજાની અસર સામાન્ય રહેશે નહીં. હવામાન વિભાગ (IMD) એ સ્પષ્ટપણે સંકેત આપ્યો છે કે, માર્ચ મહિનાથી તાપમાનમાં તીવ્ર વધારો થવાની ધારણા છે. મે મહિના સુધીમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર બની શકે છે. ભારતીય હવામાન વિભાગે ચેતવણી આપી છે કે, દેશના મોટાભાગના ભાગોમાં સામાન્ય કરતાં વધુ ગરમીના દિવસોનો અનુભવ થશે. આનો અર્થ એ છે કે, ગરમીનો સમયગાળો લાંબો ચાલશે અને ઓછી રાહત આપશે. નિષ્ણાતોના મતે આ સમયગાળામાં તાપમાન અચાનક ઝડપથી વધશે અને આ વખતની ગરમી ઘણા જૂના રેકોર્ડ તોડી શકે છે.

હવામાન વિભાગના વેધર રિપોર્ટ પ્રમાણે, ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ચોથાથી સાતમાં દિવસ એટલે કે ૪થી ૭ માર્ચ દરમિયાન ગરમ અને ભેજવાળી હવાને કારણે અસ્વસ્થતા રહેવાની શક્યતા છે. આ સાથે મહત્તમ તાપમાન માટે આગાહી કરતા તેમણે જણાવ્યું છે કે, આગામી ચાર દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં ધીમે ધીમે પાંચ સે.નો વધારો થશે. ત્યારબાદ ગુજરાતમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. ન્યૂનતમ તાપમાન માટે આગાહી કરતા જણાવ્યું છે કે, આગામી ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ધીમે ધીમે બેથી ત્રણ સે. વધારો થશે. ત્યારબાદ પ્રદેશમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક, પ્રદીપ શર્માના જણાવ્યા પ્રમાણે, આ સિઝનમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાન સામાન્યથી વધારે રહેવાની આશા છે. માર્ચ મહિનાની વાત કરીએ તો, સૌરાષ્ટ્ર સહિત ગુજરાતમાં તાપમાન સામાન્ય રહેવાની આગાહી છે. જ્યારે કચ્છમાં સામાન્યથી વધારે તાપમાન રહેવાની શક્યતા છે. માર્ચમાં પણ ગુજરાતમાં માવઠાની શક્યતા દર્શાવવામાં આવી છે.

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913

# નાનાપોંઢા-ધરમપુર ને. હા. નં. ૫૬ પર ખાડારાજથી વાહનચાલકો પરેશાન

### પાર નદી પુલ નજીક જીવના જોખમે મુસાફરી : ખાડાઓને કારણે સવાર-સાંજ ટ્રાફિકજામથી વાહનચાલકો ત્રસ્ત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૦૧ :** નાનાપોંઢાથી ધરમપુર તરફ જતાં ને.હાઈવે નંબર ૫૬ની હાલત અત્યંત બેહાલ બની ગઈ છે. સમગ્ર માર્ગ પર અસંખ્ય ખાડાઓ પડતાં અનેક જગ્યાએ રસ્તો જાણે ગાયબ થઈ ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. વાહનચાલકો માટે આ માર્ગ પર સફર કરવી મુશ્કેલ અને જોખમી બની ગઈ છે.

ખાસ કરીને પાર નદીના પુલના બંને છેડા પર મોટા ખાડાઓ અને મસ દેખાતા વાહનચાલકોમાં ભયનો માહોલ છે. પુલના સળિયા બહાર દેખાતા હોવાના અહેવાલો વચ્ચે અહીંથી પસાર થવું એટલે મોતને આમંત્રણ આપવું સમાન ગણાઈ રહ્યું છે. ખાડાઓના કારણે રોજ સવાર-સાંજ ટ્રાફિક જામ સર્જાય છે, જેથી લોકોનો કિંમતી સમય બગડે છે.

ગોલ્ડન હોટલ, વહિયાળ ફાટક, કાકડકુવા અને બારોલીયા નજીક પણ ખાડાઓની ભરમાર છે. ભારે વાહનો ખાડામાં ફસાઈ ખોટકાઈ જવાના બનાવો બનતા રહે છે. ધૂળના ઉડાવવાના કારણે સામે આવતા વાહનો સ્પષ્ટ દેખાતા નથી, જેના કારણે બાઈક સવારો માટે અકસ્માતનું જોખમ વધી ગયું છે.



રસ્તાની હાલતના કારણે બસમાં મુસાફરી કરતા નોકરિયાતો અને કામદારોને સમયસર પહોંચવા માટે વહેલી સવારથી જ નીકળવું પડે છે. ઈમરજન્સી દરમિયાન ૧૦૮ એમ્બ્યુલન્સને દર્દીને હોસ્પિટલ પહોંચાડવામાં વિલંબ થતો હોવાના કારણે જીવને જોખમ ઉભું થયું છે. આ બેહાલ પરિસ્થિતિને કારણે કેટલાક વાહનચાલકો પાર નદીથી વાયા કુરગામ થઈને લગભગ પાંચ કિલોમીટરનો વધારાનો ચકરાવો કાપીને ધરમપુર પહોંચવા મજબૂર બન્યા છે. લોકોમાં હાઈવે ઓથોરિટી અને સ્થાનિક જનપ્રતિનિધિઓ સામે ભારે રોષ વ્યાપ્યો છે અને તાત્કાલિક સમારકામની માંગ ઉઠી રહી છે.



# સુખાલા વિજ્ઞાન પ્રયોગ શાળાની લાયબ્રેરી મકાનનું ખાતમુહૂર્ત કરાયું

### રૂા. ૧૫ લાખના ખર્ચે આધુનિક સુવિધા ઉભી થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૦૧ :** નાનાપોઢા તાલુકાના સુખાલા ગામ ખાતે આવેલી સુખાલા વિજ્ઞાન પ્રયોગ શાળામાં નવી લાયબ્રેરીના મકાનનું ખાતમુહૂર્ત કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે આવ્યું હતું. ૪૧ વિકાસશીલ તાલુકા યોજના વર્ષ ૨૦૨૫-૨૬ હેઠળ અંદાજે રૂપિયા ૧૫ લાખના ખર્ચે આ લાયબ્રેરી મકાનનું નિર્માણ હાથ ધરવામાં આવશે.



કાર્યક્રમ દરમિયાન ધારાસભ્યએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે વિદ્યાર્થીઓને પ્રાથમિક સ્તરથી જ લાયબ્રેરી જેવી શૈક્ષણિક સુવિધા મળે તે હેતુસર તાલુકામાં આ પ્રથમ લાયબ્રેરીની શરૂઆત કરવામાં આવી રહી છે. તેમણે જણાવ્યું કે સુખાલા ગામ વર્ષોથી શિક્ષણ ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે અને અહીંના વિદ્યાર્થીઓ હંમેશા શૈક્ષણિક ક્ષેત્રે સારા પરિણામો આપે છે. વધુમાં તેમણે ઉલ્લેખ કર્યો કે તેમના પિતાશ્રીએ પણ આ જ શાળામાં અભ્યાસ કર્યો હતો, જે તેમના માટે ગૌરવની વાત છે અને ગામ સાથેનો ભાવનાત્મક સંબંધ વધુ મજબૂત બનાવે છે.

ગામના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું કે જરૂરિયાત મુજબના દરેક વિકાસકાર્યો માટે તેઓ હંમેશા તૈયાર રહેશે. આપણા બાળકો ભવિષ્યમાં આગળ વધે અને ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તે માટે મારું સ્પષ્ટ વિઝન છે, એમ તેમણે જણાવ્યું. પૂર્વ અધિક કલેક્ટર જે.ડી. પટેલ અને પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રકાશભાઈ પટેલે લાયબ્રેરી માટે આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે પી. કે. પટેલ, સરપંચ શંકરભાઈ પટેલ, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, નિવૃત્ત શિક્ષકો, વાલીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

સમગ્ર ગામમાં કાર્યક્રમને લઈ ઉત્સાહપૂર્ણ માહોલ જોવા મળ્યો હતો.

# શાહુડા કેન્દ્રની શાળાઓના રમતોત્સવમાં ૧૬૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૦૧ :** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં આવેલી વાલવેરી પ્રાથમિક શાળા ખાતે શ્રી સિદ્ધ સંકલ્પ ચેરીટેબલ ટ્રસ્ટ, વાપી તરફથી શાહુડા કેન્દ્રની ૧૧ શાળાઓના કુલ ૧૬૬ વિદ્યાર્થીઓ માટે રમોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વિવિધ રમતગમત પ્રવૃત્તિોમાં ભાગ લીધો હતો. કાર્યક્રમનો પ્રારંભ ગામના સરપંચએ દીપ પ્રજ્વલિત કરીને કર્યો હતો. શાળાના બાળકો દ્વારા સુંદર પ્રાર્થના રજૂ કરવામાં આવી હતી. મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ટ્રસ્ટના ટ્રસ્ટીઓનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ રમોત્સવમાં ધોરણ ૧ થી ૫ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રીલે દોડ, દોડ સ્પર્ધા, લીંબુ-ચમચી દોડ, કોથળા દોડ, લંગડી, લાંબી કૂદ અને ગોળાફેંક જેવી રમતો યોજાઈ હતી. તમામ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ પોતાનું કૌશલ્ય અને રમતિયાળ ભાવના દર્શાવી હતી, જેના કારણે સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉત્સાહપૂર્ણ વાતાવરણ છવાયું હતું. વિજેતા વિદ્યાર્થીઓને ટ્રસ્ટ તરફથી મેડલ તથા રમકડાં ભેટ આપવામાં આવ્યા હતા. ઉપરાંત તમામ ૧૬૬ વિદ્યાર્થીઓને કપ ભેટરૂપે આપવામાં આવ્યા હતા. ટ્રસ્ટ તરફથી ભાગ લેનાર વિદ્યાર્થીઓ, વાલવેરી શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા સ્ટાફ સહિત કુલ ૩૬૫ લોકોને ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ આયોજન દાતા નીતાબેન શ્રીપાલભાઈ અને રજતભાઈ કાંતિલાલ વખારીયાના નિમિત્તે અમિતાબેન રજતભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ટ્રસ્ટના ટ્રસ્ટીઓ હિતેશભાઈ, નિરવભાઈ, હર્ષાબેન, મોનાબેન, ફાલ્ગુનીબેન, ભવ્યાબેન, કામિનીબેન, વિપુલભાઈ, માનસીબેન અને ધર્મેશભાઈ તેમજ શિક્ષક હસમુખભાઈ, હર્ષદભાઈ અને અન્ય શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા. આ રમોત્સવ સફળતાપૂર્વક સંપન્ન થતા સૌએ આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સુખાલા પટેલ ફ. પ્રિમિયર લીગ સીઝન-૩નો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૦૧ :** નાનાપોઢા તાલુકાના સુખાલા પટેલ ફળિયામાં તા.૧ અને ૨ માર્ચ, ૨૦૨૬ના રોજ હોળી-ધુળેટી નિમિત્તે 'સુખાલા પટેલ ફળિયા પ્રિમિયર લીગ સીઝન-૩' ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બે દિવસ સુધી ચાલેલા આ રમતોના મહોત્સવે સમગ્ર વિસ્તારમાં ઉત્સાહ, આનંદ અને એકતાનું અનોખું વાતાવરણ સર્જ્યું હતું. ગામ અને આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં યુવાનો અને ક્રિકેટપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. તેમણે ટુર્નામેન્ટનો પ્રારંભ કરાવી ખેલાડીઓ સાથે મુલાકાત કરી અને તેમને નેત્સાહિત કર્યા હતા. પોતાના સંબોધનમાં તેમણે જણાવ્યું કે રમત માત્ર જીત-હાર માટે નથી, પરંતુ એકતા, શિસ્ત, નેતૃત્વ અને સારું સ્વાસ્થ્ય જાળવવાનું ઉત્તમ માધ્યમ છે. ક્રક્રિકેટમાં કોઈ કાયમ જીતતું નથી અને કોઈ કાયમ હારતું નથી, ટીમસ્પિરિટ જ સૌથી મોટું બળ છે,ૹ્ એમ તેમણે કહ્યું.

ધારાસભ્યએ યાદ અપાવ્યું કે આ ગ્રાઉન્ડની શરૂઆત વર્ષો પહેલાં વિનોદભાઈ અને સ્થાનિક યુવાનોના સહકારથી કરવામાં આવી હતી. આજે આ મેદાન યુવાનો માટે માત્ર ક્રિકેટ રમવાનું સ્થળ નથી, પરંતુ પોલીસ, પીએસઆઈ, આરપીએફ જેવી સ્પર્ધાત્મક ભરતી માટે સવારની દોડ અને પ્રેક્ટિસ માટે પણ અત્યંત ઉપયોગી સાબિત થઈ શકે છે. તેમણે યુવાનોને નિયમિત કસરત અને રમતગમત સાથે જોડાયેલા રહેવાની અપીલ કરી.

કાર્યક્રમમાં પૂર્વ અધિક કલેક્ટર જે.ડી. પટેલ, પી.કે. પટેલ, પૂર્વ સરપંચ ગોપાલભાઈ પટેલ, મનોજભાઈ પટેલ સહિત ગામના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ક્રિકેટ-મીઓ હાજર રહ્યા હતા. અંતમાં આયોજક મંડળ દ્વારા તમામ મહેમાનો, ખેલાડીઓ અને સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ ટુર્નામેન્ટ માત્ર રમત પૂરતી સીમિત ન રહી, પરંતુ યુવાનોમાં એકતા, ઉમંગ અને પ્રગતિનો સંદેશ આપતી સાબિત થઈ હતી.

### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટી દ્વારા

# મોટાપોંઢા અને ફુલવાડી ગામે બીજામૃત અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૧ :** ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટી દ્વારા મોટાપોંઢા અને ફુલવાડી ગામના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પ્રત્યે પ્રોત્સાહિત કરવા અને ઉનાળુ મગ પાકમાં સારા અંકુરણ તથા રોગપ્રતિકારક શક્તિ વધારવા હેતુથી 'બીજામૃત બનાવવાની રીત અને બીજ ઉપચાર પદ્ધતિ' વિષયક એકદિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં અંદાજીત ૫૦ ખેડૂત ભાઈઓ અને બહેનો ઉત્સાહપૂર્વક હાજર રહ્યા હતાં. કાર્યક્રમ દરમિયાન જમીન વિષયના નિષ્ણાંત લલિત કપુરેએ ઉપસ્થિત ખેડુતોને બીજામૃતનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે બીજામૃત દ્વારા બીજ ઉપચાર કરવાથી જમીનજન્ય રોગોમાં ઘટાડો થાય છે, અંકુરણની ટકાવારી સુધરે છે અને પાકની શરૂઆતથી જ વૃદ્ધિમાં જુસ્સો દેખાય છે. કેન્દ્રના નિષ્ણાંત લલિત કપુરે બીજામૃત બનાવવાની પદ્ધતિમાં દેશી ગાયનું તાજું ગોબર, ગૌમૂત્ર, ચુનો અને ખેતરની માટીનો ઉપયોગ કેવી રીતે કરવો તે પ્રાયોગિક રીતે બતાવવામાં આવ્યું. ઉનાળુ મગના બીજ ઉપચાર માટે ૧૦ કિલો બીજ માટે જરૂરી બીજામૃતનું પ્રમાણ, બીજને છાંયામાં સુકવવાની રીત અને વાવણી પહેલાં યોગ્ય સંભાળ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. તાલીમ દરમિયાન ખેડૂતોને સ્થળ પર જ બીજામૃત તૈયાર કરાવી પ્રદર્શન દ્વારા સમજાવવામાં આવ્યું, જેથી તેઓ પોતાનાં ખેતરમાં સરળતાથી આ પદ્ધતિ અપનાવી શકે. તલીમ કાર્યક્રમના અંતે કેન્દ્રના નિષ્ણાંત લલિત કપુરે જણાવ્યું કે પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓ અપનાવવાથી ખેતી ખર્ચમાં ઘટાડો થાય છે અને જમીનનું આરોગ્ય સુધરે છે.

# ચાસમાંડવામાં આદિવાસી સંસ્કૃતિક મહાસંમેલન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૧ :** ધરમપુર તાલુકાના ચાસમાંડવા ગામે એન્જેલ ખાતે પાર તાપી-નર્મદા રિવર લિંક પ્રોજેક્ટ મુદ્દે વિશાળ આદિવાસી સંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ પાર તાપી નર્મદા રિવર લિંક પ્રમુખ બારકુંભાઈ અને સંઘર્ષ સમિતિના આગેવાનો દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં વાંસદા-ચીખલીના ધારાસભ્ય અનંત પટેલ અધ્યક્ષાસ્થાને ઉપસ્થિત રહ્યા હતાં.

ઉલ્લેખનીય છે કે ૨૦/૦૨/૨૦૨૨ના રોજ આ જ સ્થળેથી પાર્થા પરિવાર યોજના સામે વિરોધ નોંધાવી ધારાસભ્ય અનંત પટેલે રણશિંગું ફૂંક્યું હતું, જેના કારણે સમગ્ર રાજ્યમાં ચર્ચા જાગી હતી. કાર્યક્રમ દરમિયાન 'જળ, જંગલ અને જમીન બચાવો'ના સંદેશ સાથે આંદોલન આજે પણ અડગ અને સક્રિય છે તે વાત ભારપૂર્વક રજૂ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં આદિવાસી સમાજના વિવિધ કલાકારો દ્વારા પરંપરાગત નૃત્યો, ગીતો અને સંસ્કૃતિની ઝાંખી કરાવતી અનેક લોકકલાત્મક રજૂઆતો કરવામાં આવી હતી, જેને ઉપસ્થિત લોકોએ વધાવી લીધી હતી. આ પ્રસંગે ડાંગના માજી ધારાસભ્ય મંગળભાઈ ગામિત, મહારાષ્ટ્રના લકીભાઈ, ગુજરાત હાઈકોર્ટના વકીલશ્રી આરતીબેન ભીલ, ડૉ. નીરવભાઈ પટેલ, વાંસદા તાલુકા પ્રમુખ નિકુંજભાઈ, ઉનાઈ ગામના સરપંચ મનીષભાઈ તેમજ વિવિધ ગામોના સરપંચશ્રીઓ, તાલુકા તથા જિલ્લા પંચાયત સભ્યો અને આદિવાસી હક-અધિકાર માટે લડતા આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

આ કાર્યક્રમ માત્ર સંસ્કૃતિક મેળાવડો નહીં, પરંતુ આદિવાસી અસ્તિત્વ અને અધિકાર માટેની લડતનો સંકલ્પ સમારોહ બની રહ્યો હતો.



# કપરાડાના અંભેટીથી ૨૦ વર્ષીય રાહુલ રાવત ગુમ

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં અંભેટી ગામમાં દક્ષેશભાઈ પટેલની ચાલમાં રોહિતવાસ ફળિયામાં રહેતા ૩૮ વર્ષીય શોભાબેન સંતોષભાઈ રાવત (મૂળ રહે. પાંતીગામ, થાના. ગુઢ, જિ.રેવા, મધ્યપ્રદેશ)નો ૨૦ વર્ષીય દીકરો રાહુલ સંતોષ રાવત તા. ૨૬/૦૧/૨૦૨૬ના રોજ સવારે ૧૦ વાગ્યાના સુમારે ઘરના સભ્યોને કાંઈ પણ કહ્યા વિના ક્યાંક ચાલી ગયો હતો. જેની શોધખોળ કરવા છતાં આજદિન સુધી કોઈ પત્તો લાગ્યો ન હતો. જે શરીરે પાતળો બાંધો, ગોરો વર્ણ અને પાંચ ફૂટ પાંચ ઈંચ ઉંચાઈ ધરાવે છે. ડાબા ગાલ ઉપર આંખની નીચે જુનુ વાગેલાનું નિશાન છે. શરીરે વાદળી કલરની લાંબી બાઈની ટીશર્ટ અને વાદળી કલરનું જિન્સ પેન્ટ પહેર્યુ હતું. જે હિન્દી ભાષા જાણે છે. જે કોઈને પણ ભાળ મળે તો નાનાપોંઢા પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

# શેરીમાળના ૯૫૬ મતદારોની અન્ય તા.પં. સીટમા દર્શાવતા પ્રાંત અધિકારીને રજૂઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૧ :** શેરીમાળ ગામના રહેવાસીઓએ જિલ્લા ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી, ધરમપુર સમક્ષ સંયુક્ત રજૂઆત કરી ગંભીર મુદ્દો ઉઠાવ્યો છે.

રજુઆત અનુસાર, ગામના અંદાજે ૯૫૬ મતદારો હાલ બિલપુડી તાલુકા પંચાયત સીટમાં નોંધાયેલા દર્શાવવામાં આવ્યા છે, જ્યારે હકીકતમાં શેરીમાળ ગામ બરુમાળ તાલુકા પંચાયત સીટના વિસ્તારમાં આવે છે. આ ગડબડને કારણે ગામના વિકાસ કાર્યો, ન્યાયસંગત પ્રતિનિધિત્વ અને લોકશાહી હકો પર સીધી અસર પડી રહી હોવાનું ગામજનોએ જણાવ્યું છે.

રહેવાસીઓએ માંગ કરી છે કે શેરીમાળ ગામના તમામ મતદારોની નોંધણી તાત્કાલિક બરુમાળ તાલુકા પંચાયત સીટમાં કરવામાં આવે, મતદાર યાદીમાં જરૂરી સુધારણા કરવામાં આવે અને ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તે માટે યોગ્ય માર્ગદર્શન તથા દેખરેખ રાખવામાં આવે.

ગામજનોએ ચીમકી આપી છે કે જો આ ગંભીર મુદ્દાનો તાત્કાલિક ઉકેલ નહીં લાવવામાં આવે તો તેઓ આવનારી ચૂંટણીનો બહિષ્કાર કરવાનો નિર્ણય લેવા મજબૂર બનશે.

# ધરમપુર, કપરાડા અને નાનાપોંઢા તાલુકો સર્પદંશથીમૃત્યુ અટકાવવાના સરકારના પ્રયાસમાં સહયોગી બનશે!

ભારત સરકાર દ્વારા ૨૦૩૦ સુધીમાં સર્પ દંશ અને અપંગતામાં ઘટાડવા માટે એક મોટી જાહેરાત સાથે પ્રયાસ હાથ ધરવા માં આવી રહ્યો છે. જેમાં ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતો ખેતરોમાં કામ કરતા હોય ત્યારે સર્પ દંશના બનાવો વધુ જોવા મળે છે. જેમાં વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં આવેલ સાંઈનાથ હોસ્પિટલના ડૉ. ડી.સી. પટેલની સર્પ દંશની સારવારમાં ૯૮ ટકાના સક્સેસ રેશિયો એ ગુજરાતમાં જ નહી સમગ્ર ભારત દેશમાં નોંધપાત્ર છે. ત્યારે કેન્દ્ર અને ગુજરાત રાજ્ય સરકાર દ્વારા આગામી દિવસોમાં સર્પ દંશના દર્દીઓ નો મૃત્યુ આંક ઘટાડવાના પ્રયાસ રૂપે ધરમપુર ખાતે ઝેરમાંથી ઝેર પ્રતિકારક રસી બનાવવા માટે એન્ટી વેનમ રિસર્ચ સેન્ટર બનાવવામાં આવશે. જેથી સર્પ દંશના મૃત્યુ આંક ઘટાડી શકશે. જે ગુજરાત સરકારનું ભગીરથ કાર્ય ગણાવી શકાય. સર્પ દંશથી થતાં મૃત્યુ આંક ઘટાડવા માટે રાજ્ય સરકારે ૧.૪૮૫ જેટલા ડોક્ટરોને તાલીમ સજ્જ બનાવ્યા અને સાથે ૩૦૦ જેટલા સ્નેક રેસ્ક્યુઅર્સને તૈયાર કર્યા હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત અંધશ્રદ્ધા દૂર કરવા અને પંચાયત સ્તરે જનજાગૃતિ અભિયાન શરૂ કરાયું છે.ધરમપુર ખાતેનું સ્કેન એન્ટી વેનમ માત્ર આરોગ્ય ક્ષેત્રે જ સ્વનિર્ભતા નહી પણ હજારો માનવ જિંદગીઓ બજાવવાનું પણ ભગીરથ કાર્ય



કપરાડાનો પત્ર
જગદીશ ભોયા, કપરાડા

કરશે.જેમાં ધરમપુર, કપરાડા અને નાનાપોંઢા તાલુકાની જનતાના સહયોગ ખૂબ જરૂરી છે. ગ્રામ્ય વિસ્તારમાં અનેક પ્રજાતિના સર્પોનું રેસ્ક્યુ કરી ઝેર એકત્ર કરવા સહયોગ જરૂરી છે. જેથી વિવિધ પ્રકારના ઝેરમાંથી ઝેરના મારણ માટે રસી બનાવવાનું સરળ બની શકે. ગુજરાત રાજ્યના ધરમપુર તાલુકામાં ઝેરી સાપોના ઝેરમાંથી `એન્ટી વેનમ` તૈયાર કરશે જેથી ધરમપુર વલ્ડ ક્લાસ રીસર્ચ સેન્ડર બનશે. આમ ધરમપુર ખાતે કાર્યરત સ્નેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ઝેરી સાપોના ઝેરમાંથી બનેલી રસી અનેક લોકોનું જીવન બચાવશે અને સર્પ દંશના મૃત્યુ દરમાં ઘટાડો કરશે એ એક સરકારનું ક્રાંતિકારી પગલું ગણાવી શકાય.

નિષ્ણાંતોના કહેવા મુજબ દેશભરમાં સર્પોની અનેક પ્રજાતિઓ હોય છે. જેમાં પ્રદેશ પરમાણે ઝેર બદલાતું હોવાનું જાણવા મળે છે. અન્ય રાજ્યોમાં બનેલી ઝેર પ્રતિકારક રસી ગુજરાતના સર્પ દંશના દર્દીઓને વધુ અસર કરતી નથી. જે ને લઈ ગુજરાત પ્રદેશના જ સાપોના ઝેરમાંથી ઝેર વિરોધી રસી બનશે જેથી ઝડપી અસરકારક બની શકેનું સરકારનું પગલું ગુજરાત રાજ્યની જનતા માટે આશીર્વાદરૂપ ગણાવી શકાય. ધારપુર, કપરાડ અને નાનાપોંઢા વિસ્તારમાં લોકોમાં એન્ટી વેનમ સેન્ટર અંગે માહિતગાર થાય અને સહયોગી બને તે ખૂબ જરૂરી છે. જે આ વિસ્તારની પ્રજાની નૈતિક ફરજ છે.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Monday 02, March 2026


## યુદ્ધ વહેલી તકે નહીં રોકાય તો ભયાનક ખાનાખરાબી

લાંબા સમયથી જેનો ભય સેવાયો હતો એ થઈને રહ્યું. ટ્રમ્પ-ખોમેની વચ્ચેના હાકલા પડકારા વચ્ચે ઈઝરાયલે ઈરાન પર ભીષણ હવાઈ હુમલા કર્યા અને વળતા વારમાં ઈરાને મધ્ય-પૂર્વમાં અનેક દેશેને નિશાન બનાવીને મિસાઈલો દાગતાં ચોમેર વ્યાપક વિનાશ વેરાયો છે. યુદ્ધની અગનજવાળા ઈરાન-અમેરિકા-ઈઝરાયલથી આગળ ખાડી દેશોમાં લંબાતાં વૈશ્વિક શાંતિ જોખમમાં આવી પડી છે. વૈશ્વિક રાજનીતિના વિશેષજ્ઞો સવાલ કરી રહ્યા છે કે, આ જ ટ્રમ્પ શાંતિના નોબેલનો દાવો કરે છે ? વૈશ્વિક મુત્સદ્દીગીરી ક્યાં ખોવાઈ ગઈ ? સંયુક્ત રાષ્ટ્રસંઘની કોઈ આણ જ નથી રહી ? આનો જવાબ ટ્રમ્પના યુદ્ધ ઉન્માદમાં વિલાઈ ગયો છે. આ લખાય છે ત્યારે તેહરાન અને બીજા ઈરાની શહેરો ભડકે બળી રહ્યાં છે, ૨૦૦થી વધુ મોત અને ૮૦૦થી વધુ ઘાયલ થયા છે. ભારત અને ગુજરાતનું બીજું ઘર એવું દુબઈ પણ મિસાઈલો ખાબકતાં ફફડી રહ્યું છે. કતરની રૂપકડી રાજધાની દોહામાંય સળગતી ગગનચૂંબી ઈમારતો અને અસ્તવ્યસ્ત માળખાંના ડરામણાં દૃશ્યો આવી રહ્યાં છે. ટૂરિસ્ટ અને કારોબારી વિશ્વનું ચહીતું દુબઈ-અબુધાબીએ લપેટમાં આવ્યા એ મોટી ચિંતાની વાત છે. ઈન્ડિયન એરલાઈન્સ સહિતના ભારત અને અખાતી દેશોની ૨૬૦ જેટલી વિમાની સેવા સ્થગિત કરી દેવાઈ છે. ઈરાનમાં ફસાયેલા ભારતીયોને જોર્ડનના રસ્તે રેસ્ક્યૂ કરવાનું આયોજન થઈ રહ્યું છે. અબુધાબીમાં બીએપીએસ મંદિર બંધ કરી દેવાયું છે. ચોમેર લોકડાઉન અને ભયનો માહોલ છે. યુદ્ધ કેટલું વકરશે કે અટકશે એની અનિશ્ચિતતા છે. અખાતી દેશો પણ યુદ્ધમાં જોતરાતાં દુનિયાના તેલ-ગેસ પુરવઠા અને જહાજી કારોબારને ગંભીર ફટકો પડવાની વકી છે. શેરબજાર તૂટશે અને તેલના ભાવો વધતાં મોંઘવારી-મંદી બેકાબૂ બની શકે. આ સ્થિતિ ઊભી થવામાં ઈરાનની નાફરમાની કારણભૂત છે જ, તેનો ગુપ્ત પરમાણુ કાર્યક્રમ અમેરિકા-ઈઝરાયલ સહિત દુનિયાના દેશોને ડરાવી રહ્યો છે. એટલે જ ઈઝરાયલ-અમેરિકાએ સંયુક્ત લશ્કરી કાર્યવાહી કરીને વધુ એક યુદ્ધ થોપી દીધું. લક્ષ્ય છે ઈરાનમાં સત્તાપલટાનું. ઉશ્કેરણીખોર પગલું નિવારી શકાયું હોત. સ્પેનના વડાપ્રધાને ટ્રમ્પ-નેતન્યાહુની ટીકા કરી છે. ભારતે શાંતિની અપીલ કરી છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેનુઅલ મેક્રોંએ તત્કાળ યુનોની સલામતી સમિતિની બેઠક બોલાવવા માગણી કરી છે અને કહ્યું છે કે, યુ.એસ.-ઈઝરાયલ-ઈરાન યુદ્ધથી વૈશ્વિક શાંતિ, સ્થિતરતા અને સુરક્ષા પર ગંભીર અસર પડશે. પરિસ્થિતિ વિસ્ફોટક છે. વિકાસનાં સપનાં જોતાં ભારત જેવા અનેક મહેનતકશ દેશોનું ગણિત બગડી શકે છે. કચ્છમિત્રના આજના અંકમાં વેપાર-કારોબાર જગતના વિવિધ નિષ્ણાતોનો અંદેશો એ જ છે કે, કચ્છ-ગુજરાત સહિત ભારતને ગંભીર આર્થિક ફટકો પડશે. પ્રશ્ન એ પણ છે કે, આમ નાગરિકોનો વાંક શો? સેંકડો લોકો મોતને ભેટશે એ કોના વાંકે? ટ્રમ્પના તેવર જોતાં યુદ્ધ ઝડપથી શાંત થાય એમ હાલઘડીએ જણાતું નથી. યુરોપીય દેશો ઉપરાંત ઈરાનના મદદગાર ચીન-રશિયાનાં વલણ પર મીટ મંડાયેલી રહેશે. શાંતિના હિમાયતી એવા ભારત સહિતના દેશોની વિદેશનીતિ, મુત્સદ્દીગીરીની કસોટી છે. અત્યાર સુધી ફક્ત ધમકી આપી રહેલાં ઈરાને યુએઈ, કતર, જોર્ડન, બહેરીન જેવા દેશ સાથે સીધું યુદ્ધ છેડીને આકરો સંદેશ આપ્યો છે. અને છેલ્લે એક જાણીતું વાક્ય... શાંતિ યુદ્ધ કરતાં અનેકઘણી સારી હોય, પણ એ મેળવવી વધુ કઠિન છે... દુનિયાના સર્વેશક્તિમાન દેશના વડા યુદ્ધખોર હોય ત્યારે શાંતિ, યુદ્ધવિમાનોના તીવ્ર અવાજ, મિસાઈલ-બોમ્બના ધડાકા, મોતના ચિત્કાર, કાટમાળમાંથી ઊઠતા ધૂળના ગોટામાં ગોતી જડે તેમ નથી.

### અમેરિકા-ઈઝરાયલના હુમલામાં

# ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા ખામેનેઈનું મોત

## ઈરાની મીડિયાએ કરી પુષ્ટિ, ઈરાનમાં ૪૦ દિવસના શોકની જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)
તહેરાન, તા.૧ : મધ્ય પૂર્વના ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી મોટો અને ભયાનક વળાંક આવ્યો છે. ઈરાન પર ઈઝરાયલ અને અમેરિકાના સંયુક્ત હવાઈ હુમલા બાદ હવે ઈરાની મીડિયા પ્રેસ ટીવીએ સત્તાવાર પુષ્ટિ કરી છે કે સર્વોચ્ચ નેતા આયતુલ્લાહ અલી ખામેનેઈ આ હુમલામાં માર્યા ગયા છે. ઈરાની સેના IRGC તરફથી પણ ખામેનેઈના નિધનની પુષ્ટિ કરી દેવામાં આવી છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર આ ઓપરેશનની સફળતાની જાહેરાત કરતા જણાવ્યું કે, "ઈતિહાસના સૌથી ક્રૂર વ્યક્તિઓમાંથી એક હવે નથી રહ્યો." ટ્રમ્પે દાવો કર્યો કે ઈઝરાયલ સાથેના અત્યંત સચોટ અને આધુનિક ગુપ્તચર ઓપરેશનને કારણે ખામેનેઈ અને તેમની સાથેના અન્ય નેતાઓ બચી શક્યા નથી. ટ્રમ્પે આને ઈરાની જનતા માટે સ્વતંત્રતાની સૌથી મોટી તક ગણાવી છે. ઈરાની ન્યૂઝ ચેનલ પ્રેસ ટીવી (Press TV) એ પુષ્ટિ કરી છે કે સંયુક્ત હવાઈ હુમલામાં સર્વોચ્ચ નેતા ખામેનેઈ અને તેમના પરિવારના કેટલાક સભ્યોના મોત થયા છે. આ જાહેરાત બાદ ઈરાનમાં ૪૦ દિવસના જાહેર શોકની જાહેરાત કરવામાં આવી છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ પણ સંકેત આપ્યા હતા કે ખામેનેઈનું આખું ઠેકાણું જમીનદોસ્ત કરી દેવામાં આવ્યું છે અને તેમનો મૃતદેહ નષ્ટ થયેલા મહેલમાંથી મળી આવ્યો છે.

ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાનની ક્રાંતિકારી ગાર્ડ્સ (IRGC), સેના અને પોલીસ હવે લડવા માંગતી નથી અને અમેરિકા પાસે માફી (Immunity) માંગી રહી છે. ટ્રમ્પે સૈનિકોને સંદેશ આપતા કહ્યું કે, "અત્યારે શરણાગતિ સ્વીકારશો તો માફી મળી શકે છે, પણ પછી માત્ર મોત જ મળશે." તેમણે આશા વ્યક્ત કરી કે ઈરાની સૈનિકો દેશભક્તો સાથે મળીને દેશને ફરીથી બેઠો કરવામાં મદદ કરશે.

પ્રમુખ ટ્રમ્પે સ્પષ્ટ ચેતવણી આપી છે કે મધ્ય પૂર્વમાં શાંતિ સ્થાપવા માટે વ્યુહાત્મક સ્થળો પર બોમ્બમારો આખું અઠવાડિયું અથવા જરૂર પડે ત્યાં સુધી ચાલુ રહેશે. માત્ર ખામેનેઈનું મોત પૂરતું નથી, પરંતુ ઈરાનની સૈન્ય શક્તિને સંપૂર્ણપણે નષ્ટ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. ઈરાનની સરકારી સમાચાર એજન્સીના જણાવ્યાનુસાર ઈસ્લામી ક્રાંતિના સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈનું મોત શનિવારે સવારે થયેલા હુમલામાં થયું છે. આ સાથે જ ઈરાન દ્વારા એ વાતની પુષ્ટિ પણ કરવામાં આવી છે કે હુમલામાં ખામેનેઈની દીકરી, જમાઈ અને પૌત્રીનું પણ મોત થયું છે. એવું પણ જણાવવામાં આવ્યું હતું કે આ હુમલો નેતાના નિવાસસ્થાને આવેલા કાર્યસ્થળ પર થયો હતો જેમાં તેઓ શહીદ થયા છે.

ઈરાનમાં અલી ખામેનેઈના મૃત્યુ બાદ ૪૦ દિવસના સાર્વજનિક શોકની ઘોષણા કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અમેરિકા અને ઈઝરાયલ એ સંયુક્ત રીતે ઈરાન પર હુમલો કર્યો હતો. જેમાં ઈરાનમાં ૩૦ જગ્યાઓએ હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. ઈરાન તરફથી પણ જવાબી કાર્યવાહી કરવામાં આવી હતી અને કેટલાક દેશોમાં આવેલા અમેરિકી સૈન્ય ઠેકાણા પર હુમલા થયા હતા. ઈરાનની સરકારી સમાચાર એજન્સી ફાર્સના જણાવ્યાનુસાર હુમલો થયો ત્યારે ખામેનેઈ તેના કાર્યસ્થળ પર હાજર હતા. જ્યાં તેઓ શહિદ થયા. ખામેનેઈના મોતની પુષ્ટિ કરતાં ઈરાન તરફથી સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે આવનારા દિવસોમાં રાષ્ટ્રનામહાન નેતાના નિધનનો બદલો લેવામાં આવશે. ખામેનેઈના નિધનથી તેમના માર્ગ પર ચાલવાનો સંકલ્પ વધારે મજબૂત થયો છે. ઈરાન તરફથી સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે તે આ ઘટના માટે જવાબદાર લોકોને કઠોર દંડ આપશે. ઈરાન હવે વધુ આક્રમકતાથી જવાબ આપશે. ઈરાનમાં મૃત્યુઆંક ૨૦૦ને વટાવી ગયો છે. ઈરાની મીડિયા અનુસાર, ઈઝરાયલ અને અમેરિકાના હુમલામાં ૨૦૧ લોકો માર્યા ગયા છે, જેમાં આશરે ૮૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. તેહરાન પરના હુમલા બાદ, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. મધ્ય તેહરાનના યુનિવર્સિટી સ્ટ્રીટ અને જોમહુરી વિસ્તારોમાં અનેક મિસાઈલો પડી. રાજ્ય મીડિયાએ પુષ્ટિ આપી છે કે તેહરાનમાં ઓછામાં ઓછા ત્રણ વિસ્ફોટ સાંભળવામાં આવ્યા હતા. દરમિયાન, ઈરાને તેનું એરસ્પેસ ક્ષેત્ર બંધ કરી દીધું છે. દેશભરમાં મોબાઈલ ફોન સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. ઈઝરાયલી હુમલા બાદ દક્ષિણ તેહરાનના એક વિસ્તારમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો.

ઈઝરાયલ પરના હુમલા બાદ ઈઝરાયલમાં પરિસ્થિતિ તંગ બની ગઈ છે. ઈઝરાયલ સંરક્ષણ દળો (IDF) એ અહેવાલ આપ્યો છે કે, સમગ્ર દેશમાં સાયરન વગાડવામાં આવ્યા હતા.

## અયાતુલ્લા અલીરેઝા અરાફી સુપ્રીમ લીડરની કમાન સંભાળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
તહેરાન, તા.૧ : અમેરિકા-ઈઝરાયેલના સંયુક્ત હુમલામાં અલી ખામેનેઈના મૃત્યુ બાદ ઈરાની ધર્મગુરુ અયાતુલ્લા અલીરેઝા અરાફીને ઈરાનના વચગાળાના સુપ્રીમ લીડર બનાવવામાં આવ્યા છે. ISNAના જણાવ્યા અનુસાર, તેઓ વચગાળાની નેતૃત્વ પરિષદમાં કાયદા નિષ્ણાત સભ્ય તરીકે કામ કરશે. બંધારણ હેઠળ નવા સુપ્રીમ લીડરની પસંદગી ન થાય ત્યાં સુધી રાષ્ટ્રપતિ મસૂદ પેજેશકિયન, મુખ્ય ન્યાયાધીશ ઘોલામ-હોસૈન મોહસિની-એજેઈ અને ગાર્ડિયન કાઉન્સિલના એક ધર્મગુરુ સાથે મળીને આ પરિષદ દેશની કમાન સંભાળશે. અયાતુલ્લા અલીરેઝા અરાફીની વચગાળાની નેતૃત્વ પરિષદમાં કાયદા નિષ્ણાત સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે.

## ઈરાને બદલો લેવા માટે ૯ દેશો પર બોમ્બ વરસાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
તહેરાન, તા.૧ : ઈરાન તેના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈના મોતનો બદલો લઈ રહ્યું છે. ખામેનેઈના નિધન બાદ ઈરાને અમેરિકાના સાથી એવા સંયુક્ત આરબ અમીરાત (UAE) અને કતાર પર મોટા પાયે હુમલા કર્યા છે.

મીડિયા અહેવાલો મુજબ, ઈરાને મધ્ય પૂર્વમાં ઈઝરાયેલ અને અમેરિકી સૈન્ય મથકો પર બેલેસ્ટિક મિસાઈલો અને ડ્રોન વડે ભીષણ હુમલા શરૂ કરી દીધા છે.

અમેરિકાના સાથી દેશો UAE અને કતાર પર થયેલા તાજા હુમલામાં દુબઈ અને કતારની રાજધાની દોહામાં અનેક ભયાનક વિસ્ફોટો સંભળાયા છે. ઈરાનનો આ હુમલો તેના પાડોશી દેશોને એક સંદેશ આપવા માટે છે કે જો તેઓ અમેરિકા કે ઈઝરાયેલનો સાથ આપશે તો તેના પરિણામો ભોગવવા પડશે.

IRGC (ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ) એ જણાવ્યું છે કે ઓપરેશન ટ્રૂ પ્રોમિસના પાંચમા તબક્કામાં જેબેલ અલી એક્રેજ પાસે અમેરિકી જહાજો માટે દારૂગોળો લઈ જઈ રહેલા એક જહાજ પર ચાર ડ્રોન વડે હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલામાં જહાજ સંપૂર્ણપણે નાશ પામ્યું છે.

કુવૈતમાં હુમલો પણ હુમલો IRGC ના દાવા મુજબ, ઈરાને કુવૈતના અબ્દુલ્લા મુબારક વિસ્તારમાં આવેલા અમેરિકી નેવલ બેઝ પર ૪ બેલેસ્ટિક મિસાઈલો અને ૧૨ ડ્રોન વડે હુમલો કર્યો છે. આ હુમલામાં બેઝનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તબાહ થઈ ગયું છે અને મોટી સંખ્યામાં અમેરિકી સૈનિકોના મોત થયા હોવાની આશંકા છે.

ઈરાન તરફથી કહેવામાં આવ્યું છે કે, "IRGC નેવી અને એરફોર્સ સાથે મળીને દુશ્મન યુનિટ્સ માટે નરકના દરવાજા ખુલ્લા રાખશે."

## ૬ દેશોના વિદેશ મંત્રી સાથે જયશંકરની ટેલિફોનિક વાતચીત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧ : ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધી રહેલા સૈન્ય સંઘર્ષે સમગ્ર વિશ્વની ચિંતામાં વધારો કર્યો છે. મધ્ય પૂર્વમાં સર્જાયેલી આ ગંભીર સ્થિતિ વચ્ચે ભારત 'બેલેન્સિંગ એક્ટ' ની વ્યૂહરચના સાથે મેદાનમાં ઉતર્યું છે. ભારતના વિદેશ મંત્રી એસ.

જયશંકરે છેલ્લા ૨૪ કલાકમાં ઈરાન અને ઈઝરાયલ સહિત કુલ ૬ દેશોના વિદેશ મંત્રીઓ સાથે ટેલિફોનિક વાતચીત કરી તણાવ ઘટાડવા અને શાંતિ જાળવવા અપીલ કરી છે.

અહેવાલો અનુસાર, વિદેશ મંત્રી એસ. જયશંકરે સંઘર્ષના બંને મુખ્ય પક્ષો સાથે વાતચીત કરી ભારતનું વલણ સ્પષ્ટ કર્યું છે. ઈઝરાયલી વિદેશ મંત્રી ગિદોન સાર સાથેની વાતચીતમાં એસ. જયશંકરે ભારપૂર્વક જણાવ્યું કે કોઈપણ વિવાદનો ઉકેલ માત્ર રાજદ્વારી વાતચીત દ્વારા જ શક્ય છે. જ્યારે ઈરાની વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી સાથેની ચર્ચામાં ભારતે તાજેતરના હુમલાઓ અને વળતા હુમલાઓ સામે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. ભારતનો પ્રયાસ છે કે આ સંઘર્ષ વધુ વકરે નહીં.

## ઈરાનમાં યુદ્ધ મુદ્દે અમેરિકા VS રશિયા-ચીન!

(સંપૂર્ણ સમાચાર સેવા)
બેઈજીંગ, તા.૧ : અમેરિકા અને ઈઝરાયલની એર સ્ટ્રાઈકમાં ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનેઈનું મોત થયું છે. મિડલ ઈસ્ટ હાલ બોમ્બ-ધડાકાથી ગુંજી રહ્યું છે. તેવામાં રશિયાના રાષ્ટ્ર પ્રમુખ પુતિને ખામેનેઈના મોતને હત્યા ગણાવી કહ્યું છે કે, માનવીય નૈતિકતા અને આંતરરાષ્ટ્રીય કાયદાના તમામ ધોરણોનું ઉલ્લંઘન થયું છે.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ પણ ખામેનેઈના મોતને હત્યા કરાર આપતા કહ્યું છે કે,

**ખામેનેઈની હત્યા આંતરરાષ્ટ્રીય કાયદાઓનું ઉલ્લંઘન : પુતિન**

ઈરાનના સુપ્રીમ લીડર પર હુમલો અને તેમની હત્યા ઈરાનની સંપ્રભુતા અને સુરક્ષાનું ઘોર ઉલ્લંઘન છે. આ સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના નિયમો અને આંતર રાષ્ટ્રીય સંબંધોના માપદંડનું ખુલ્લુ ઉલ્લંઘન છે.

ચીન તેના વિરુદ્ધમાં છે અને હુમલાની ઘોર નિંદા કરે છે. વધુમાં ચીની પ્રવક્તાએ અપીલ કરી કે, અમે મિલિટ્રી ઓપરેશનને તાત્કાલિક રોકવા, તણાવપૂર્ણ સ્થિતિને આગળ વધતી રોકવા, તેમજ મધ્ય પૂર્વ અને દુનિયામાં શાંતિ અને સ્થિરતા બની રહે તેવા સંયુક્ત પ્રયાસ કરવાની અપીલ કરીએ છીએ બીજી તરફ ઈરાન રાષ્ટ્ર પ્રમુખ મસૂદ પજશકિયાને ખામેનેઈની હત્યાને મુસ્લિમો વિરુદ્ધ યુદ્ધની ઘોષણા ગણાવતા કહ્યું છે કે સૌથી મોટા રાજકીય અને ધાર્મિક નેતાની હત્યા શિયા સમુદાય સામે ખુલ્લી લડાઈ છે. તેનો બદલો લેવાનો ઈરાનનો કાયદાકીય અધિકાર છે.

## કરાચીમાં પાકિસ્તાનીઓનો US દૂતાવાસ પર હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)
કરાચી, તા.૧ : પાકિસ્તાનના કરાચીમાં હિંસક વિરોધ પ્રદર્શન દરમિયાન એક ટોળાએ યુએસ એમ્બેસીના પરિસરમાં આગ લગાવી અને તોડફોડ કરી હકી. ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનીના મોતના સમાચાર બાદ વિરોધીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા અને યુએસ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા.

કરાચીમાં ઈરાન હુમલાનો વિરોધ કરી રહેલા પ્રદર્શનકારીઓએ યુએસ દૂતાવાસમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો. પરિસ્થિતિ વધુ વણસી જતાં યુએસ દૂતાવાસમાં તૈનાત યુએસ લશ્કરી કર્મચારીઓએ ભીડને વિખેરવા માટે ગોળીબાર કર્યો, જેના કારણે ૧૨ લોકોનાં મોત થયા હતા.

## ઈરાન યુદ્ધના માહોલની વચ્ચે પાકિસ્તાનનું ભારતમાં છમકલું

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧ : ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા તણાવની વચ્ચે પાકિસ્તાન પોતાની નાપાક હરકતોથી બાજ આવી રહ્યું નથી. જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લામાં નિયંત્રણ રેખા (LoC) પર રવિવારે વહેલી સવારે ફરી એકવાર પાકિસ્તાની ડ્રોનની શંકાસ્પદ ગતિવિધિ જોવા મળી હતી. દિગવાર સેક્ટરમાં સવારે લગભગ ૬:૧૦ વાગ્યે ભારતીય સરહદની અંદર એક ઉડતી વસ્તુ દેખાઈ હતી. ત્યાં તૈનાત ભારતીય સેનાના જવાનોએ જેવું દુશ્મનનું ડ્રોન જોયું કે તરત જ મોરચો સંભાળી લીધો હતો. જવાનોએ ડ્રોનને તોડી પાડવા માટે લગભગ એક ડઝન રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. સેનાની આ જબરદસ્ત જવાબી કાર્યવાહીથી ગભરાઈને ડ્રોન પરત પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (PoK) તરફ ભાગી ગયું હતું.

## ૧૧ દેશોના એરસ્પેસ બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧ : ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના લશ્કરી હુમલા બાદ, મધ્ય પૂર્વ ક્ષેત્રમાં તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે, જેના કારણે ઘણા દેશોએ તેમના હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધા છે. આના કારણે વૈશ્વિક હવાઈ ટ્રાફિકમાં ભારે વિક્ષેપ પડ્યો છે અને ભારતમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ પર નોંધપાત્ર અસર પડી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈરાન અને મધ્ય પૂર્વના ભાગોમાં લાદવામાં આવેલા હવાઈ ક્ષેત્ર પ્રતિબંધોને કારણે શનિવારે ૪૧૦ ભારતીય સ્થાનિક એરલાઇન ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી, જેમાં ૧ માર્ચે ૪૪૪ ફ્લાઇટ્સ રદ થવાની ધારણા છે. કુલ ૮૫૦ થી વધુ ફ્લાઇટ્સ પ્રભાવિત થવાની ધારણા છે. કટોકટી ૨૮ ફેબ્રુઆરીએ શરૂ થઈ હતી જ્યારે અમેરિકા અને ઈઝરાયલે અનેક ઈરાની ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો, જેના જવાબમાં ઈરાને મિસાઈલ હુમલા શરૂ કર્યા હતા. પરિણામે, ઈરાન, ઈરાક, કુવૈત, બહેરીન, કતાર, ઈઝરાયલ, જોર્ડન, લેબનોન, સાઉદી અરેબિયા, ઓમાન અને સંયુક્ત આરબ અમીરાત સહિતના દેશોએ તેમના એરસ્પેસ બંધ અથવા પ્રતિબંધિત કર્યા છે.

## ભારતીયો માટે દૂતાવાસની નવી એડવાઈઝરી

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧ : અમેરિકા અને ઈઝરાયેલના ઈરાન પર હુમલા બાદ સમગ્ર મિડલ ઈસ્ટમાં તણાવની સ્થિતિ સર્જાઈ છે. મિડલ ઈસ્ટમાં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે, સતત હુમલા થઈ રહ્યા છે અને ઈરાને પણ જવાબી કાર્યવાહી કરીને મિડલ ઈસ્ટના અલગ-અલગ દેશોમાં આવેલા અમેરિકી સૈન્ય ઠેકાણાઓ તેમજ ઈઝરાયેલના અનેક શહેરો પર હુમલા કર્યા છે. જે બાદ મિડલ ઈસ્ટમાં યુદ્ધ જેવી પરિસ્થિતિ ઊભી થઈ ગઈ છે અને અનેક દેશોએ હાઈ અલર્ટ જાહેર કરી દીધું છે. વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને મિડલ ઈસ્ટના અનેક દેશોમાં ભારતીય દૂતાવાસોએ પોતાના નાગરિકો માટે એડવાઈઝરી જાહેર કરી છે.

UAE, સાઉદી અરબ, જોર્ડન, બહેરીન, પેલેસ્ટાઈન, કતાર અને ઈરાનમાં રહેતા કે મુસાફરી કરી રહેલા ભારતીયોને ખાસ સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે. તેલ અવીવમાં આવેલા ભારતીય દૂતાવાસે પણ સતર્ક રહેવા જણાવ્યું છે. ભારતીય નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ ઈઝરાયેલી વહીવટ તંત્ર અને હોમ ફ્રન્ટ કમાન્ડના નિર્દેશોનું પાલન કરે અને કામ વગર ઘરની બહાર નીકળવાનું ટાળે.

ઈરાનમાં આવેલા ભારતીય દૂતાવાસે ઈરાનમાં રહેતા ભારતીય નાગરિકો માટે નવી એડવાઈઝરી જાહેર કરી છે.



## હોળી : પરંપરા, રંગો અને સંસ્કૃતિનો સાચો સંદેશ

પ્રાસંગિક - ભાગ્યેન્દ્ર પટેલ

આપણા સમાજમાં આજકાલ 'ઉજવણી' શબ્દ ભવ્યતા અને કહો કે ભપકાનો પર્યાય બની ગયો છે, પછી ભલે કોઈ નાનો-મોટો અવસર હોય, તહેવાર હોય કે વહેવાર. તહેવારોની જ વાત કરીએ તો આજે તહેવારો જે રીતે 'મનાવવા'માં આવે છે તેમાં પરંપરા, સંસ્કૃતિ, અને પ્રાકૃતિક વારસાની ઝલક ઓછી જ અને નર્યા દેખાડા ને કૃત્રિમતાનું પ્રદર્શન ઉપરછલ્લે દેખાઈ આવે છે. એવામાં તહેવાર કે અવસરને બદલે આધુનિક આડંબર છેડે ચડીને ચાડી ખાય છે. હવે તો મનના આનંદ કરતાં સોશિયલ મીડિયા પર વોટ્સએપ સ્ટેટસ, ફેસબૂક ને ઈન્સ્ટાગ્રામ પર રીલ વાઈરલ થાય તે ભયો ભયો. સામાન્ય રીતે પોતે કેટલા સુખી છઈએ ને મોજમાં છઈએ એનું પ્રદર્શન થવું જોઈએ કે જેમાં આપણે બીજા કરતાં કેટલા જુદા છઈએ ને કેટલાએ વ્યુ કર્યું એ રીતે ધરાઈએ છીએ. એમાં સામાન્ય રીતે આપણી પરંપરા અને ઉજવણીનો અસલ આત્મા લગભગ કોરાણે મુકાઈ ગયો હોય તો ય એની પરવાહ નથી કરતા. બસ આપણી ઉજવણી દેખાવી જોઈએ.

ભારતીય સંસ્કૃતિમાં સંસ્કારોનું મહત્ત્વ અનોખું છે એમ જ તહેવારોનું મહત્ત્વ ન્યારું છે. હકીકતે જોઈએ તો અવસર કે તહેવારની ઉજવણી માત્ર આનંદ અને મોજમસ્તી માટે નથી, પરંતુ આપણાં સાંસ્કૃતિક વારસાગત મૂલ્યોને જીવંત રાખવા માટે છે. દિવાળી દેશનો સૌથી મોટો તહેવાર છે તે પછી હોળી મહત્ત્વનો ને અતિ લોકપ્રિય તહેવાર માનવામાં આવે છે. વસંતઋતુના આગમન સાથે જ હોળી પ્રકૃતિના નવીકરણ, મિત્રતા, પ્રેમ અને સમરસતાનો સંદેશ લઈને આવે છે. હોળી અગ્નિથી ઉજવાય અને રંગોથી રમાય છે પરંતુ તે કેવળ બીજાને કઢંગી રીતે રંગી નાખીને તોફાન મચાવવાનો ઉત્સવ નથી, પરંતુ માનવીય સંસ્કાર અને સહઅસ્તિત્વની ઉજવણી છે. આપણ મોટા ભાગના મોટા તહેવારો પૌરાણિક કથાવસ્તુ ધરાવે છે. હોળી તહેવાર સંબંધિત પ્રહલાદ અને હોળિકાની પૌરાણિક કથા આપણને શીખવે છે કે સત્ય અને ભક્તિ હંમેશાં વિજયી થાય છે. અહંકાર અને દુષ્ટતા અંતે નષ્ટ થાય છે. આ રીતે હોળિકાદહન માત્ર વિધિ નથી, પરંતુ જીવનમાંથી નકારાત્મકતાને દૂર કરવાનો સંકલ્પ છે. ફાગણની પૂનમે આવતી હોળીના ફાગનું મહત્ત્વ તેની પાછળના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સંદેશમાં છે.

ભારતના વિવિધ પ્રદેશોમાં હોળીનું સ્વરૂપ અલગ છે. બિહારમાં ફાગ અને લોકસંગીત સાથે સામૂહિક ઉત્સાહ જોવા મળે છે. મથુરા અને વૃંદાવનમાં લઠમાર, લક્કડ અને ફૂલોથી રમાતી હોળી ભક્તિ અને આનંદનો અદભૂત સંગમ છે. ગુજરાતમાં હોળિકા દહન અને ધૂળેટી બંને દિવસોનું મહત્વ છે. ગામડાઓમાં ઢોલ-મંજિરા સાથે ફાગણના ગીતો ગવાય છે. હોળીનાં ગીતો તહેવારની આત્મા છે. તેમાં પ્રેમ, પ્રકૃતિ અને માનવીય સંબંધોની મીઠાશ ઝીલાય છે. હોળી પ્રગટાવાની વિધિ કૃષિ સંસ્કૃતિ સાથે પણ જોડાયેલી છે. લાકડાં, ઉપલા અને અન્ય સામગ્રી ભેગી કરીને અગ્નિ પ્રગટાવી સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવે છે. શહેરોની શેરીઓમાં પણ આ રીતે હોળી પ્રકટાવાય છે એ સ્તુત્ય છે પણ ગામડાંમાં હવે હોળીને શહેરોનો અને ફિલ્મી રંગ લાગી ગયો હોઈ પારંપારિક ભાવના લુપ્ત થતી જણાય છે. દક્ષિણ ગુજરાતમાં આદિવાસી સમુદાયમાં હોળીની ઉજવણી વર્ષો પુરાણી પ્રથા સાચવતી જણાય છે આમ છતાં લોકભાગીદારી અને પારંપરિક ભાવના બાબતે ઘણે અંશે નિરાશા વર્તાય છે. ગામડાઓમાં હોળી વધુ સહજ અને સંસ્કારી હતી. એવું જ સંસ્મરણ છે કે વર્ષો અગાઉ અમારા ભીનાર ગામમાં નાનાં ટાબરિયાં પોતાની હોળી ઉજાળતા, તેને કૂકડ હોળી કહેતા. હોળી મુખ્ય તહેવાર (ફાગણ પૂનમ)ના પંદરેક દિવસ અગાઉથી કિશોરો ફળિયામાં નાની હોળી દરરોજ સાંજે પ્રકટાવતા અને જાણે કે બૂમરાણ મચાવવાની પ્રેક્ટિસ કરતા. એક રીતે હોળીના આગમનને વધાવવાનું નિમિત્ત બની જતી એ બાળ-હોળી-ઉજવણી. અમે બાલ-કિશોરો મોટી હોળીની તૈયારી માટે ખેતરોમાં નકામો કચરો ('કલાર' કહેવાય એવી વનસ્પતિ) વાઢવા જતા. રસ્તેવગડે કાંટાડાળખીઓ વીણી ભેગી કરી મોટી હોળી ઉજાળતા. આ રીતે ખેતર અને રસ્તાનો કાંટા-કચરો સાફ થતો અને હોળીનું બળતણ થઈ રહેતું. મારા નાનાજી કે જેઓ દુલા ભગતજી નામે પ્રખ્યાત હતા એ દર વર્ષે પોતાના ખેતરમાંથી ખજૂરીનું થડ આપતા. એ થડ હોળીમાં બળે પછી એના પરની ગરમાગરમ મેશ લઈ એકબીજાને ગાલે ઘસવાની પરંપરા હતી. સમગ્ર ગામ એકબીજાના ફળિયાની હોળીમાં સહભાગી બનતું. તૂર-થાળીના તાલે પરંપરાગત નૃત્ય ભાઈઓએ અને હોળીબાઈનાં ગીતોની પરંપરા મહિલાઓએ જાળવી રાખી છે પણ ધીમે ધીમે એમાંનો રસવૃત્તિનો લોપ થઈ રહેલો ભાસે છે.

હોળીના બીજા દિવસે ધૂળેટીએ સવારથી બપોર સુધી પછી લોકો ફાગ માંગે અને મજાની વાત તો એ કે એમાં યુવાનો જ નહીં મોટી ઉંમરના વ્યક્તિઓ પણ સામેલ થતા, ફાગ માંગતા. ફાગ માંગવા પાછળનો ભાવ દંડ ઉઘરાવવા જેમ નહીં પરંતુ અર્થ બક્ષિસ પ્રસાદ પ્રાપ્ત કરવા સમાન રહેતો હતો. પણ ઉત્સાહ વધતો, લોકો ફાગ ખેલતા, ગીતો ગાતા અને રંગ રમતા. પલટાતા સમયની સાથોસાથ હવે તો લગભગ સર્વત્ર હોળી યાને કે ધૂળેટી તહેવાર તોફાની સ્વરૂપ પણ ધારણ કરે છે. સવારે લગભગ દસેકના સુમારેથી બપોરે બે સુધી સુધી હોળી તોફાની થઈને ખેલાતી હોય છે. બુરા ન માનો હોળી હૈ..ને કારણે કોઈને પણ રંગી નાખવું, રંગ કે કીચડ સુદ્ધાં ફેંકવું ખોટું નથી ને અપરાધ નથી. હોળી પહેલેથી જ ઓફિસોમાં અને જાહેર સ્થળોએ રંગો ઉડાવવા લાગે છે. પાણીના બલૂન ફેંકવા, બળજબરીથી રંગ લગાવવો, અને હાનિકારક રસાયણિક રંગોનો ઉપયોગ જેવી પ્રથાઓ વધી ગઈ. આથી તહેવારનો આનંદ ક્યારેક ભયમાં પણ ફેરવાઈ જાય છે.

છેલ્લાં ત્રણ દાયકાથી દિલ્હીની હોળીનો અનુભવ પણ વિશેષ છે. જ્યારે હું આકાશવાણીના સમાચાર વિભાગમાં કાર્યરત હતો, ત્યારે હોળીના દિવસે રેડિયો સ્ટેશને ડ્યુટી પર જવા-આવવા માટે ખાસ વાહન આપવામાં આવતું. ત્યારે રાજધાનીનો માહોલ એવો બિહામણો સુનકાર ભાસે કે જાણે કર્ફ્યુ લાગ્યો છે. બપોરે બે વાગ્યા સુધી વાહનવ્યવહાર બંધ થઈ જાય, લોકો બહાર નીકળવાનું ટાળે. એ દૃશ્ય જેમને હોળી રમવામાં રસ ન હોય એમને (હુમલો થઈ જવાનો હોય એવું) કાંઈક અવળું જ ભયજનક લાગે. અગાઉ શહેરનાં મોટાં મોટાં છાપાં પણ પહેલી એપ્રિલે મૂરખ બનાવાય એવા સમાચારો ધૂળેટીએ છાપે અને પછી બીજા દિવસે ચોખવટ કરે કે બુરા ન માનો કલ હોલી થી! હોળી ગામની હોય કે શહેરની આ તહેવાર બધા માટે સમાન મહત્ત્વનો, ઉમંગનો અને ખેલદિલીથી ઉજવવાનો અવસર છે. સંયમ રાખીને ઉજવાય તે તહેવાર સદભાવનાના અવસર રૂપે દીપી ઉઠે.

હોળીના અવસરે સંસ્કાર અને માનવતાનો સંદેશ યાદ અપાવતી એક હૃદયસ્પર્શી વાર્તા યાદ આવે છે. પ્રખ્યાત સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીની વાર્તા છે - દીકરાનો મારનાર. આ વાર્તામાં એક ગરીબ ચારણ હોળીના દિવસે નગરના દરબાર પાસે કંઈક મળવાની આશાથી સારા કપડાં પહેરીને જાય છે. રસ્તામાં લોકો તેની સાથે હોળી રમવાનો પ્રયત્ન કરે છે, પરંતુ તે વિનંતી કરે છે કે તેને ન રંગે. છતાં યુવાનો મજાકમાં તેને રંગવા ધસી પડે છે. ચારણ પાસે તલવાર હોય છે, પરંતુ તે સ્વબચાવમાં અને ઘરૈયાઓને માત્ર ડરાવવાના પ્રયાસમાં મ્યાનમાં જ રાખીને વીંઝવા લાગે છે. જેથી કોઈ રંગ ન નાખે. એવામાં અચાનક મિયાન છૂટું પડી જાય છે અને તલવારથી એક આઠ વર્ષના બાળકનું માથું ધડથી અલગ થઈ જાય છે. ખબર પડે છે કે તે બાળક એ દરબારનો જ દીકરો હતો. આખું ગામ ચારણને પકડવા દોડે છે. દરબાર પોતે ઘોડી લઈને પીછો કરે છે. પકડાઈ જવાની ભીતિથી ચારણ પોતે જ ગળે તલવાર ધરી લે છે, પરંતુ દરબાર તેને રોકે છે. પોતાના દીકરાનું મોત થવા છતાં તે માનવતા અને ક્ષમાશીલતાનો ઉદાર દાખલો આપે છે. પોતાની ઘોડી અને તલવાર આપી ચારણને ગામલોકોથી બચાવી દે છે. આ વાર્તા આપણને હોળીના સાચા સંદેશની યાદ અપાવે છે કે કોઈની ઈચ્છા વિરુદ્ધ કોઈને કઢંગી રીતે રંગવા નહિ જોઈએ.

કોઈપણ તહેવારનો અર્થ ગાંડપણ, અહંકાર, દેખાડો કે કોઈ બાબતનો બદલો અને ક્રોધ નથી, પરંતુ માનવતા, કરુણા અને ક્ષમાશીલતા છે. હોળીના તહેવારે આપણે પરસ્પર દુર્ભાવનાઓને હોળીમાં હોમી દેવી જોઈએ. આજના સમયમાં ખાસ કરીને રીલ-મેકિંગ ઘેલી યુવાપેઢીએ આ સંદેશ સમજવો જરૂરી છે. હોળી આનંદનો તહેવાર છે, તોફાનનો નહીં. કોઈની મંજૂરી વિના રંગ ન લગાવવો, કુદરતી રંગોનો ઉપયોગ કરવો અને પર્યાવરણનું રક્ષણ કરવું જરૂરી છે. હવે તો શહેરોમાં એક નવી પ્રથા આવી છે - ફૂલો વડે હોળીનાં રંગછાંટણાં કરવાં. આ આવકાર્ય કદમ ગણી શકાય. ભલે, પણ આપણે હોળી જેવો સહિયારો ઉજવાતો તહેવાર આપણા સાંસ્કૃતિક જીવનના ભાઈચારા અને સદ્ભાવનો આધારસ્તંભ છે. જો આપણે તહેવાર તેની મૂળ ભાવના સાથે ઉજવીએ, તો સમાજમાં પ્રેમ, એકતા અને સકારાત્મકતાનો સંદેશ મજબૂત બનશે. ચાલો, હોળીને માત્ર રંગોનો નહીં, પરંતુ માનવતાનો ઉત્સવ બનાવીએ.

## બગવાડા ટોલનાકા પાસે અકસ્માત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૦૧ :** પારડી તાલુકાના બગવાડા ગામના ટોલ નાકા પાસે રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર ૪૮ ઉપર ગત મોડી રાત્રે અકસ્માત સર્જાયો હતો અહીં રાજસ્થાન પાસિંગની એક ટ્રક પૂરઝડપે પસાર થઈ રહી હતી. ત્યારે વહેલી સવારે અંદાજે ૩:૦૦ વાગ્યાની આસપાસ ચાલકને ઊંઘનું જોકું આવી જતાં વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો નિયંત્રણ ગુમાવેલી ટ્રક ટોલબૂથથી થોડા જ અંતરે આવેલા મોટા ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો પ્રચંડ હતો કે ટ્રકનો આગળનો ભાગ કચ્ચરઘાણ વળી ગયો હતો અને ટ્રકનું આગળનું વ્હીલ પણ ધરીમાંથી છૂટું પડીને ફંગોળાઈ ગયું હતું. શાંત રાત્રિમાં થયેલા આ ભયાનક અવાજને સાંભળીને ટોલ પ્લાઝા પર ફરજ બજાવતા કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા સદનસીબે ગમખ્વાર અકસ્માતમાં ટ્રક ચાલકને માત્ર સામાન્ય ઈજાઓ પહોંચી હતી અને તેનો આબાદ બચાવ થયો હતો. ભારે નુકસાન પામેલી ટ્રકને કારણે હાઈવે પર થોડો સમય અફરાતફરીનો માહોલ સર્જાયો હતો હાઈવે પર રાત્રિ દરમિયાન ડ્રાઈવિંગ કરતા ચાલકો માટે આ ઘટના એક ચેતવણી સમાન છે કે થાક કે ઊંઘમાં વાહન ચલાવવું કેટલું જોખમી હોઈ શકે છે.


**CHANGE OF NAME**

I HAVE CHANGED OLD NAME FROM **J. TARUN** TO NEW NAME **JAKKAM TARUN DHARMARAO** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
SD : **JAKKAM TARUN DHARMARAO**
**ADDRESS : -** C/1/15, G I D C COLONY, POLICE CHOKI, UMARGAM, UMBERGAON, VALSAD, GUJARAT - 396171


## વાપીની કેબીએસ કોલેજનું એમ.એલ.ટી.નું પરિણામ જાહેર

**વાપી, તા.૦૧ :** ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમરીયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ વાપીમાં બી.કોમ., બી.એસસી., બી.સી.એ., બી.બી.એ., એમ.કોમ., એમ.એસસી. જેવા વિવિધ અભ્યાસક્રમો ચાલે છે. શૈક્ષણીક વર્ષ ૨૦૨૫-૨૬ માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટી,સુરત અંતર્ગત લેવાયેલ બી.એસસી. મેડીકલ લેબોરેટરી ટેકનોલોજી ના પરિણામ જાહેર થતા સદર કોલેજના વિધાર્થીઓ બી.એસસી. સેમ.૧ માં ૭.૩૬ SGPA સાથે શેખ ઝીન્નત નજમુદ્દીન, બી.એસસી. સેમ.૩માં ૭.૬૪ SGPA સાથે ખાન રેહનુંમાં નુરૂલ્લા તથા બી.એસસી. સેમ.૫માં ૮.૬૪ SGPA સાથે ચૌધરી સજેદાફાતીમાં કલ્બિઅબ્બાસ તેમજ PGDMLT સેમ. ૧માં ૮.૮૫ SGPA સાથે ખાન રશ્મીન ઈબ્રાહીમે કોલેજમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કેરેલ છે. તેમનું નોંધપાત્ર શૈક્ષણિક પ્રદર્શન તેમના સમર્પણ, સખત મહેનત અને શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ સિદ્ધિ વિદ્યાર્થીઓના અને તેમના પરિવાર માટે સન્માન સાથે સદર સંસ્થાનું ગૌરવ પણ વધારે છે. કોલેજના આચાર્ય ડૉ.પૂનમ બી. ચૌહાણ તેમજ મેનેજમેન્ટ, સ્ટાફ અને વિદ્યાર્થીઓ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આ પ્રશંસનીય સફળતા માટે હૃદયપૂર્વક અભિનંદન આપે છે અને તેમના ઉજ્જવળ અને સમૃદ્ધ ભવિષ્યની શુભેચ્છા પાઠવે છે.


**CHANGE OF NAME**

I HAVE CHANGED OLD NAME FROM **TANDEL MAYANKKUMAR ARJUN** TO NEW NAME **TANDEL MAYANKKUMAR ARJUNBHAI** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
SD : **TANDEL MAYANKKUMAR ARJUNBHAI**
**ADDRESS : -** MAROLI, MACHHIWAD, TA.UMBERGAON, DIST. VALSAD, GUJARAT- 396130


### માહિતી અને પ્રસારણ સચિવ ડૉ. વિક્રાંત પાંડેની અધ્યક્ષતામાં

## ગાંધીનગરમાં અધિક નિયામક અરવિંદ પટેલ સેવા નિવૃત્ત થતા કાર્યક્રમ યોજાયો

**ગાંધીનગર, તા.૦૧ :** માહિતી અને પ્રસારણ સચિવ ડૉ. વિક્રાંત પાંડેની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે અધિક માહિતી નિયામક અરવિંદ પટેલનો વય નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે માહિતી કમિશનર કે.એલ.બચાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

નિવૃત્ત થઈ રહેલા અરવિંદ પટેલની સેવાઓને બિરદાવતા માહિતી અને પ્રસારણ સચિવ ડૉ. વિક્રાંત પાંડેએ જણાવ્યું હતું કે, અરવિંદ પટેલ અત્યંત કર્મઠ, બુદ્ધિશાળી અને ધૈર્યવાન વ્યક્તિત્વ છે. મીડિયા અને જનસંપર્ક જેવા પડકારજનક ક્ષેત્રમાં તેમણે અત્યંત સૂઝબૂઝથી કાર્ય કર્યું છે. અધિક માહિતી નિયામક અરવિંદ પટેલની ૩૪ વર્ષની સેવાની નિવૃત્તિએ સિદ્ધિ અને સમર્પણનો કાર્યકાળ રહ્યો છે.




તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, માહિતી વિભાગએ સરકારની કામગીરીને સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડતું અત્યંત સંવેદનશીલ અને મહત્વપૂર્ણ વિભાગ છે. મર્યાદિત સંશાધનો અને સતત મીડિયાના સંપર્ક વચ્ચે સરકારનું સંકલન કરવાની તેમની પદ્ધતિ ખરેખર પ્રશંસનીય છે.

માહિતી કમિશનર કે.એલ. બચાણીએ નિવૃત્ત જીવનની શુભેચ્છાઓ પાઠવતા કહ્યું હતું કે, જ્યારે પણ મીડિયા મેનેજમેન્ટ કે વહીવટી પ્રક્રિયાઓમાં જટિલ સ્થિતિ સર્જાતી હોય છે, એવા સમયે અરવિંદ પટેલની સમયસૂચકતા અને ત્વરિત નિર્ણયશક્તિ હંમેશા માહિતી વિભાગના વહારે આવી છે. ૨૪ કલાક ફરજ માટેની તેમની તત્પરતા એ માહિતી ખાતાની કામગીરીને ગૌરવ અપાવ્યું છે. તેમની કાર્યસંસ્કૃતિ નવા અધિકારીઓ માટે દીવાદાંડી સમાન બની રહેશે તેવો કમિશનરએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીના અધિક જનસંપર્ક અધિકારી વિવેક ત્રિવેદીએ અરવિંદ પટેલના સાથેના અનુભવો વાગોળતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન કે મુખ્યમંત્રીના મોટા કાર્યક્રમોમાં જ્યારે મીડિયા પ્લાનિંગના જટિલ પ્રશ્નો ઉભા થતા, ત્યારે પટેલનું શાંત રહીને સચોટ સમાધાન લાવવાનું કૌશલ્ય "ક્રાઈસિસ મેનેજમેન્ટ"નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

આ સમારંભમાં સંયુક્ત માહિતી નિયામક સંજય કચોટે સૌને આવકારી પોતાના અનુભવો તાજા કર્યા હતા અને ચારેય ઝોનના સંયુકત નિયામક સર્વ મિતેશ મોડાસિયા, જયેશ દવે, અરવિંદ મછાર, હેતલ દવેએ પ્રાસંગિક ઉદબોધનમાં પટેલ સર સાથેના એમની કામગીરીના અનુભવોનું ભાથું પીરસીને નિવૃત્તિ જીવનની શુભેચ્છાઓ આપી હતી. જ્યારે સમાચાર શાખાના નાયબ માહિતી નિયામક દિલીપ ગજ્જરે આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે પટેલ સાહેબના પરિવારજનો, માહિતી કમિશનરની કચેરી સહિત વિવિધ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને પટેલ સાહેબને સુખમય નિવૃત્ત જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.


### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૯૮/૨૦૨૫**

**અરજદાર : સરોજબેન દિનેશભાઈ પટેલ**
પાંજરા ફળિયું, દેગામ, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, દેગામ, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **સરોજબેન દિનેશભાઈ પટેલનો** જન્મ તા.૦૧/૦૬/૧૯૭૧ના રોજ મોજે દેગામ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત દેગામના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત દેગામને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી દેગામ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**



### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૯૯/૨૦૨૫**

**અરજદાર : સાધનાબેન ચંન્દ્રકાન્ત પટેલ**
૨૮૫, વચલું ફળિયું, કણબીવાડ, રાબડા, તા.જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, દેગામ, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **સાધનાબેન ચંન્દ્રકાન્ત પટેલનો** જન્મ તા.૧૪/૧૦/૧૯૬૯ના રોજ મોજે દેગામ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત દેગામના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત દેગામને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી દેગામ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**



### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૨૦૯/૨૦૨૫**

**અરજદાર : અશોકભાઈ જીણાભાઈ પટેલ**
કોપરલી રોડ, વડીયાવાડ, છીરી, તા.વાપી, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, કોચરવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ચમારભાઈ ગોવનભાઈ પટેલનું** મરણ તા.૦૮/૧૦/૧૯૬૫ના રોજ મોજે કોચરવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કોચરવાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કોચરવાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કોચરવા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૦૬/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**



### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૨૦૦/૨૦૨૫**

**અરજદાર : દિનેશકુમાર વસંતલાલ પટેલ**
કણબીવાડ, દેગામ, , તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, દેગામ, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **દિનેશકુમાર વસંતલાલ પટેલનો** જન્મ તા.૧૫/૦૨/૧૯૬૮ના રોજ મોજે દેગામ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત દેગામના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત દેગામને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી દેગામ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**



### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૨૧૦/૨૦૨૫**

**અરજદાર : અશોકભાઈ જીણાભાઈ પટેલ**
કોપરલી રોડ, વડીયાવાડ, છીરી, તા.વાપી, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, કોચરવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **નાનીબેન ચમારભાઈ પટેલનું** મરણ તા.૨૦/૦૧/૧૯૯૧ના રોજ મોજે કોચરવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કોચરવાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કોચરવાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કોચરવા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૦૬/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**



### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૯૪/૨૦૨૫**

**અરજદાર : જયંતિભાઈ છોટુભાઈ પટેલ**
નિશાળ ફળિયું, દેગામ, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, દેગામ, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **છોટુભાઈ મંગલાભાઈ પટેલનું** મરણ તા.૦૧/૦૮/૧૯૯૧ના રોજ મોજે દેગામની, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત દેગામના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત દેગામને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી દેગામની ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**



### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૫૩/૨૦૨૫**

**અરજદાર : છનાભાઈ દાજીભાઈ મિશાળ**
કાકડકોપર ડુંગરી ફળિયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, કાકડકોપર, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **દાજીભાઈ રૂપાભાઈ મિશાળનું** મરણ તા.૦૧/૦૬/૧૯૭૩ના રોજ મોજે કાકડકોપરની, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કાકડકોપરના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કાકડકોપરને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કાકડકોપરની ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**



### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૯૩/૨૦૨૫**

**અરજદાર : જયંતિભાઈ છોટુભાઈ પટેલ**
નિશાળ ફળિયું, દેગામ, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, દેગામ, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ખાલપીબેન છોટુભાઈ પટેલનું** મરણ તા.૨૦/૦૫/૧૯૯૦ના રોજ મોજે દેગામની, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત દેગામના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત દેગામને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી દેગામની ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**



### જાહેર સુચના

**વિષય :** બિલ્ડિંગ અને કન્સ્ટ્રક્શનના પ્રોજેક્ટ માટેની પર્યાવરણીય મંજુરી

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે યુ.ટી.ઈ.આઈ.એ.એ., ડીડી અને ડીએનએચ દ્વારા મેસર્સ. એમ એન્ડ પી ડેવલપર્સને સર્વે નં.૨૮૧/૧/૩૪/૧/૨, ઊલટન ફળિયા, સેલવાસ, દાદરા અને નગર હવેલી. માટે ઈસી નં.EC25C3801DN5294528N, તા.૧૯મી ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ રેસિડેન્શિયલ કમ કોમર્શિયલ કન્સ્ટ્રકશનનો પ્રોજેક્ટ ''રોયલ વ્યુ''ની સ્થાપના માટે પર્યાવરણીય મંજુરી મળેલ છે, પ્રોજેક્ટનો પ્લોટ વિસ્તાર ૧૪૬૮૮ ચોરસ મીટર છે અને પ્રસ્તાવિત બિલ્ટ-અપ વિસ્તાર ૧૪૬૮૮ ચોરસ મીટર છે. મંજૂરી પત્રની નકલ પીસીસી, ડીડી અને ડીએનએચની કચેરી અને https://parivesh.nic.in ની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે.



**ટેરેસ ગળે છે ??**



**વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર**

**એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ**

- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

**અરવિંદ પટેલ - વલસાડ 81402 20205**















Jai Jalaram Bapa

**Septic Tank Cleaner**

**ખાળ કુવાની સફાઈ**

**खार कुवे की सफाई**

**TANKER CAPACITY 8000 LITER**

**WATER JETTING, AIR BLOWING, VACUUMING**

પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.

**Contact: 99046 44348, 98247 28200**



## દમણગંગા ટાઈમ્સ

### ડીસ્કલેમર/ સ્પષ્ટતા

વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- વ્યવસ્થાપક

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

Monday 02, March 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com

## સંજાણ-ખતલવાડ બાયપાસનું નવિનીકરણ થશે



### રૂા. ૩.૫ કરોડના કામનું નાણામંત્રી કનુભાઈ દેસાઈ ના હસ્તે ખાતમુહૂર્ત કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૧ :** ઉમરગામ તાલુકાના ભીલાડ-સંજાણ મુખ્ય માર્ગથી ખતલવાડ તરફ જતા અંદાજિત ૨.૫ કિલોમીટર લંબાઈ ધરાવતા બાયપાસ માર્ગનું રૂા. ૩.૫ કરોડના ખર્ચે નવીનીકરણ કરાશે. જેનું ખાતમુહૂર્ત ધારાસભ્ય રમણભાઈ પાટકરની ઉપસ્થિતિમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. મંચસ્થ સ્થાનેથી આરએન્ડબી વિભાગના અધિકારી જતીનભાઈ દ્વારા માર્ગના નવીનીકરણ અંગે ટેકનિકલ તથા આંકડાકીય માહિતી પૂરી પાડવામાં આવી હતી. પ્રાસંગિક ઉદબોદનમાં ધારાસભ્ય રમણભાઈ પાટકરએ ઉમરગામ તાલુકાના વિકાસ કાર્યો અંગે વિસ્તૃત જાણકારી પૂરી પાડી સરકાર દ્વારા વિવિધ યોજના અંતર્ગત થયેલા વિકાસકામોની જાણ લોકોને થાય તે માટે કાર્યકર્તાઓને સક્રિય થવા ટકોર કરી હતી. નાણામંત્રી કનુભાઈ દેસાઈએ માર્ગની કામગીરી આગામી ચોમાસા પહેલા પૂર્ણ થાય તે માટે જણાવ્યું હતું. સાથે જ ઉમરગામમાં વિકાસની ઉજળી તકો હોવાનું જણાવી ધારાસભ્ય રમણભાઈ પાટકરની કામગીરીને બિરદાવી હતી. ખાતમુહૂર્ત પ્રસંગે સંજાણ ગ્રામ પંચાયતના સરપંચ ગુલાબભાઈ, ખતલવાડ ગ્રામ પંચાયતના સરપંચ સુરેન્દ્રભાઈ ટંડેલ, ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ ડોક્ટર નિરવ શાહ, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિ અધ્યક્ષ ભરતભાઈ જાદવ, જિલ્લા પંચાયત સભ્ય મુકેશભાઈ પટેલ, દીપકભાઈ મિસ્ત્રી, તાલુકા પંચાયત પ્રમુખ લલીતાબેન, ધોડીપાડા ગ્રામ પંચાયત સરપંચ મીનાબેન, એપીએમસી ડાયરેક્ટર વિજયભાઈ પાટકર સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.



## આજે ધરમપુરમાં હોળી હાટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૧ :** ધરમપુર ખાતે આજે સોમવારના હાટ બજારમાં હોળી પર્વની ઉજવણીને લઈને વિશેષ ચહલપહલ જોવા મળશે. તાલુકાના આશરે ૧૦૮ ગામોના ગ્રામજનો પરંપરાગત ખરીદી માટે ધરમપુર બજારમાં ઉમટશે હોળી નિમિત્તે કપડાંની દુકાનો, રેડીમેઈડ ગારમેન્ટ્સ, કરિયાણાની દુકાનો તેમજ વિવિધ અન્ય વેપારી સંસ્થાઓમાં ગ્રાહકોની ભારે ભીડ જામવાની સંભાવના છે. ખાસ કરીને બાળકો અને યુવાનોમાં નવા વસ્ત્રોની ખરીદી માટે ઉત્સાહ જોવા મળશે. આદિવાસી સમાજમાં મહત્વ ધરાવતા હોળી તહેવાર દરમિયાન બટાકા, ખજૂર અને હારડાનું વિશેષ વેચાણ થતું હોય છે, જેના કારણે આ વસ્તુઓની માંગમાં પણ વધારો જોવા મળશે. વેપારીઓ દ્વારા તહેવારને ધ્યાનમાં રાખીને પૂરતો જથ્થો મંગાવવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. સાથે સાથે ગ્રામ્ય વિસ્તારોમાં ભવાનીના મુખોટા ધારણ કરી ફગવો ઉઘરાવવા નીકળવાની પરંપરા પણ નિભાવવામાં આવશે. યુવાનો અને ભક્તો ટોળકીઓ બનાવી ગામોગામ ફરી તહેવારની ખુશી વહેંચશે.

આજનો સોમવારનો હાટ બજાર હોળીના રંગે રંગાઈ કીડીયારું જેવી માનવ ભીડથી ગૂંજાઈ ઊઠશે, જે ધરમપુરના સાંસ્કૃતિક અને સામાજિક જીવનનું જીવંત દશ્ય રજૂ કરશે.

## તિથલમાં ગુજરાતની એકમાત્ર યુફિઝિયો બીચ મેરેથોન યોજાઈ







### ૧૧ વિદેશી સહિત ૧૭૦૦થી વધુ દોડવીરો જોડાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** પ્રજાનું સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે તેઓ પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ બને એવા શુભ આશય સાથે વલસાડના સન્ડે સ્પોર્ટસ કલબ દ્વારા રવિવારે દર વર્ષની જેમ આ વર્ષે પણ વલસાડના રમણીય તિથલ બીચ પર ગુજરાતની એકમાત્ર યુફિઝિયો બીચ મેરેથોન ૫.૦નું આયોજન કરાયું હતું. જેમાં આફ્રિકન કન્ટ્રીમાંથી પણ ૧૧ દોડવીરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સામાન્ય રીતે મેરેથોન રોડ પર અને હિલ સ્ટેશન પર થતી હોય છે પણ સમુદ્ર કાંઠે રેતી પર દોડવાનો અનુભવ જ અલગ હોય છે, જેનો રોમાંચ આજે અનેક નવા રનર્સે અનુભવ્યો હતો.

આ મેરેથોનમાં ગુજરાત, મહારાષ્ટ્ર, હરિયાણા અને ઉત્તરપ્રદેશ સહિતના વિવિધ રાજ્યોમાંથી ૧૭૦૦થી વધુ લોકો ઉત્સાહભેર જોડાઈને તંદુરસ્ત સ્વાસ્થ્યનો સંદેશ આપ્યો હતો.

તિથલ બીચ પર સાંઈ બાબા મંદિરની બાજુમાં ખાનગી પાર્ટી પ્લોટથી વહેલી સવારે ૫-૩૦ વાગ્યાથી ઢોલ - નગારા અને ડીજેના તાલે શરૂ થયેલી આ મેરેથોન ૩ કિમી, ૫ કિમી, ૧૦ કિમી અને ૨૧ કિમીના વિભાગમાં યોજવામાં આવી હતી. જેમાં નાના બાળકોથી માંડીને મોટેરાઓ પણ જોમ અને જુસ્સા સાથે દોડ્યા હતાં. આયોજકો દ્વારા મેરેથોનના રૂટ પર ઠેક ઠેકાણે રનર્સ માટે એનર્જી ડ્રીંક, પાણી, ફ્રુટ અને બિસ્કીટ સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી. દોડ બાદ પ્રત્યેક રનર્સ માટે મેડલ અને સ્વાસ્થ્ય વર્ધક નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. કોઈક દોડવીરને શારીરિક તકલીફ થાય તો તે માટે ફિઝિયોથેરાપી અને તબીબી ટીમની પણ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી હતી.

દોડવીરો એ ભારત માતા કી જય અને વંદે માતરમના નારા લગાવ્યા હતા. મેરેથોન બાદ સૌ રનર્સ ગરબે ઘૂમ્યા હતા. આ પ્રસંગે શહેરના તબીબો, પોલીસ અધિકારીઓ, પત્રકારો, શિક્ષકો અને નાગરિકોએ મોટી સંખ્યામાં મેરેથોનમાં દોડ લગાવી તંદુરસ્ત સ્વાસ્થ્યનો સંદેશ આપ્યો હતો.

## બોડવાંકમાં શેરડીના ખેતરમાંથી દીપડીના ૩ બચ્ચા મળ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૦૧ :** ચીખલી તાલુકાના બોડવાક ગામે એક શેરડીના ખેતરમાંથી દિપડીનાં ત્રણ બચ્ચા મળી આવતા આ વિસ્તારના રહીશોમાં ગભરાહટ ફેલાઈ જવા પામી છે. ચીખલી તાલુકાના સાદક પોર અને ફડવેલ ગામેથી એક જ દિવસના દીપડો અને દીપડી પાંજરે પુરાતા આ વિસ્તારના રહીશોએ રાહત અનુભવી હતી.

ત્યારે આજરોજ બોડવાક સદર ફળિયા ખાતે દુર્લભભાઈ છગનભાઈ પટેલના શેરડીનું કટીંગ ચાલી રહ્યું હતું.

દરમિયાન ખેતરમાંથી દીપડીના ત્રણ બચ્ચા મળી આવતા આ વિસ્તારના રહીશોમાં ગભરાહટ ફેલાવા પામી છે. જોકે વન વિભાગે દીપડીના ત્રણ બચ્ચાને ફરીથી દીપડી લઈ જાય તેવી તજવીજ હાથ ધરી છે.

## રૂઝવણીમાં યુવાને ઝેરી દવા પી લેતા મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૧ :** ખેરગામ તાલુકાના રૂઝવણી ઝાડી ફળિયા ખાતે રહેતો જય મુકેશ પટેલ ઉ.વ. ૨૬ જેણે તા.૨૪-૨-૨૬ના રોજ બપોરના સમયે કોઈ અગમ્ય કારણોસર કચરું મારવાની ઝેરી દવા પી લીધી હતી. જેને બેભાન અવસ્થામાં ધરમપુર સાઈનાથ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ચાર દિવસ બાદ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું બનાવની વધુ તપાસ ખેરગામ પોલીસ મથકના એચ.સી કલ્પેશ ઝવેર કરી રહ્યા છે.

## પારડી ચાર રસ્તા પાસે કારમાંથી રૂા. ૧૦.૩૬ લાખનો દારૂ ઝડપાયો : પાંચ વોન્ટેડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** વલસાડ જિલ્લા એલસીબી પોલીસે દમણથી દારૂ ભરી સુરત તરફ જતી ઈનોવા કારનો ફીલમી સ્ટાઈલમાં પીછો કરી પારડી હાઈવે પરથી ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરાઈ છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ પારડી ચાર રસ્તા ઓવરવીઝ પાસે આવેલ એન્જલ હોસ્પિટલ સામે નાકાબંધી દરમ્યાન કાર નંબર જીજે ૧૬ સીએન ૯૮૮૮ને રોકી એના ચાલક અને કલીનરને ઝડપી પોલીસે કારમાંથી ૩,૪૦૮ દારૂ બિયરની બોટલ રૂા. ૧૦,૩૬,૦૮૦ અને ૧૫ લાખની ઈનોવા કાર વગેરે મળી કુલ રૂા.૨૫ ૪૬ ૪૩૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે પાયલોટિંગ કરનાર અને દારૂ મંગાવનાર કુલ પાંચને વોન્ટેડ જાહેર કર્યા હતાં. વાપી પંથકના અન્ય ત્રણથી ચાર ખેપિયાઓ પણ પાયલોટીંગ કરતા હોવાનું બહાર આવ્યું છે. પોલીસે ઝડપે લેવાયેલા ડ્રાઈવર દેવાંગ ધોડી ની સામે વલસાડ અને નવસારી જિલ્લામાં ત્રણ દારૂના ગુના તેમજ ભાવેશ દલવાડા સામે વલસાડ નવસારી અને સુરતમાં ૧૪ કેસ તેમજ કિરણ બાબુ પટેલ રહે બેસલોર દમણ ની સામે વલસાડ નવસારી સુરત અને સુરત સિટી પોલીસ મથકમાં ૧૯ કેસ નોંધાયેલા છે.

## મગોદના વૃદ્ધનો મોબાઈલ હેક કરી રૂા.૬.૫૦ લાખની લોન લઈ લીધી !

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** વલસાડના મગોદ ગામના મહા ફળિયામાં રહેતા ૫૪ વર્ષીય વૃદ્ધના ખાતામાંથી અજાણ્યા ઈ સામે મોબાઈલ હેક કરી તેમની જાણ બહાર ૬.૫૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરતા મામલો વલસાડ સાઈબર ક્રાઈમમાં નોંધાયો છે. વલસાડ તાલુકાના મગોદ ગામના મહા ફળિયામાં સતિષભાઈ મોહનભાઈ પટેલ રહે છે. સતિષભાઈ પટેલનું વલસાડમાં આવેલ એચડીએફસી બેંકમાં ખાતું ધરાવે છે. ગત ૧૧/૧૨/૨૦૨૫ના રોજ તેમના મોબાઈલ પર ૬,૦૦,૦૦૦ની ઈન્સ્ટા જમ્બો લોન જમા થયાનો મેસેજ આવ્યો હતો. સતિષભાઈએ આ અંગે બેંકના કર્મચારીનો સંપર્ક કરતા જાણવા મળ્યું હતું કે આ લોન ઓનલાઈન પ્રોસેસથી લેવામાં આવી છે, જોકે તેમણે આવી કોઈ લોન સાયબર ઠગે ડિજિટલ માધ્યમથી હેક મોબાઈલ દ્વારા બેંકિંગ ટ્રાન્ઝેક્શન કરીને ૬ લાખની ઈન્સ્ટા જમ્બો લોન મેળવી હતી. ત્યારબાદ, લોનની રકમ અને ખાતામાં રહેલી સિલકને ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધી હતી. ત્યારબાદ, લોનની રકમ અને ખાતામાં રહેલી સિલકને ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધી હતી. પોતાની સાથે છેતરપિંડી થતાં સતિષભાઈ પટેલે તાત્કાલિક સાઈબર ક્રાઈમ હેલ્પ લાઈન પર ફરિયાદ નોંધાવી હતી.

## વલવાડામાં રામજી મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ યોજાયો





**ઉમરગામ, તા.૦૧ :** ઉમરગામ તાલુકાના વલવાડા ખાતે વિશ્વેશ્વર મહાદેવ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત રામજી પરિવારની સ્થાપના નિમિત્તે પ્રાણ પ્રતિષ્ઠાનું ભવ્ય આયોજન તા.૧૯-૦૨-૨૬ અને ૨૦-૦૨-૨૬ના દિને થયેલ હતું. એમાં મુખ્ય યજમાન તરીકે શ્રીમતી રેખાબેન અને પ્રદીપભાઈ મોહનલાલ દેસાઈ બિરાજેલ હતાં. મંદિરનાં નિર્માણ નિમિત્તે મુખ્ય દાતાર તરીકે શ્રીમતિ રેખાબેન અને પ્રદીપભાઈ મોહનલાલ દેસાઈ તરફથી રૂા.૧૧,૦૦૦૦૦/-નું માતબર દાન મળેલું છે. તેમજ મહાપ્રસાદ પણ એમના તરફથી આપવામાં આવેલ છે. જેમાં પથી ૬ હજાર માણસોએ મહાપ્રસાદનો લાભ લીધેલ હતો.

રામજી પરિવારનાં ચાંદીનાં મુગટ રૂા.૫૦,૦૦૦નો અર્પ કરેલ છે. ટ્રસ્ટ તેમજ ગ્રામજનો શ્રીમતી રેખાબેન પ્રદીપભાઈ દેસાઈનો આભાર માને છે.

## ડુમલાવની ગ્રામસભામાં ઈન્ડસ્ટ્રીઝ પ્રોજેક્ટ સામે વિરોધ નોંધાવ્યો







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૧ :** પારડી તાલુકાના ડુમલાવમાં ખેડૂતોને ગામમાં ઈન્ડસ્ટ્રીઝના જોઈતી હોય આ પ્રોજેક્ટનો વિરોધ કરતો ઠરાવ ગ્રામસભામાં કરાયો હતો.

ડુમલાવ સંપૂર્ણ આદિવાસી વસ્તી ધરાવતું અને અનુસૂચિત નિયમના પાંચમાં આવતું હોવાથી કોઈપણ ઈન્ડસ્ટ્રીઝ કે નવા રહેઠાણના પ્રોજેક્ટ નાખવા માટે ગ્રામસભાની મંજૂરી લેવાની હોય છે જે મંજૂરી ગામમાં પ્રોજેક્ટ નાંખી કોઈ ઈસમો એ ના લીધી હોય અને નહેર માંથી જે પાણી ખેડૂતોને મળે છે એ નહેરનો પુરાણ થનાર હોય તથા ગામની ગટરનું પુરાણ થનાર હોય એ તમામ બાબતની ચર્ચા કરી એની સામે ઠરાવ કરવામાં આવ્યા હતાં.

સરપંચે જણાવ્યું હતું કે જો નહેરનું પુરાણ કરવામાં આવશે તો આંદોલન કરવામાં આવશે. ઉપવાસ કરવામાં આવશે અને લડત ચલાવવામાં આવશે. ગ્રામસભામાં થયેલો ઠરાવ અધિકારીઓને મોકલવામાં આવશે અને કોઈપણ પ્રોજેક્ટ નાંખવામાં આવે તો એને અટકાવવામાં આવશે નહેર અંડરગ્રાઉન્ડ પણ બનાવવા દેવાશે નહીં.

## ડાંગ દરબારને લઈને રાજ્યપાલનાં પ્રોટોકોલમાં ઘોર બેદરકારી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૧ :** ડાંગ જિલ્લાના ઐતિહાસિક અને સાંસ્કૃતિક ઉત્સવ ડાંગ દરબાર-૨૦૨૬ નિમિત્તે રાજ્યના પ્રથમ નાગરિક અને મહામહિમ રાજ્યપાલની મુલાકાત વેળાએ જ આરોગ્ય વિભાગની ગંભીર બેદરકારી સામે આવતા ચકચાર મચી ગઈ છે.રાજ્યપાલના સત્તાવાર પ્રોટોકોલ અને મેડિકલ ટીમમાં ફરજ હોવા છતાં, આહવા સિવિલ હોસ્પિટલના પેથોલોજીસ્ટ ડૉ. જ્યોતિ વસાવા ગેરહાજર જણાતા સરકારી તંત્રની લાલિયાવાડી અને શિસ્ત પર અનેક સવાલો ઉભા થયા છે. મળતી માહિતી મુજબ, ડાંગ દરબારના કાર્યક્રમ અંતર્ગત તા. ૦૧/૦૩/૨૦૨૬ અને ૦૨/૦૩/૨૦૨૬ના રોજ મહામહિમ રાજ્યપાલ આહવા-ડાંગની મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન કોઈ પણ તબીબી આપાતકાલીન સ્થિતિને પહોંચી વળવા માટે જનરલ હોસ્પિટલ આહવા દ્વારા ખાસ 'V.V.I.P TEAM' અને BASE TEAM' ની રચના કરવામાં આવી હતી.

## ડાંગની હોળી : 'શિમગા' મહોત્સવ



(મનોજ ખેંગાર દ્વારા)

**આહવા, તા. ૦૧ :** ડાંગમાં, ડાંગી આદિવાસીઓનો મોટામાં મોટા તહેવાર તે હોળી છે. અહીં ફાગણ સુદ આઠમથી હોળીના તહેવારનું વાતાવરણ જોવા મળે છે. સામાન્ય રીતે ફાલ્ગુન સુદ પૂનમે હોળી હોય. ડાંગી લોકો આ દિવસને 'શિમગા' તરીકે ઓળખે છે.

'શિમગા' એ હોળીનુ બીજું નામ છે. પૂનમે હોળી ઉજવ્યા બાદ રંગ પાંચમ સુધી હોળીના ગીતો અને વાદ્યોની મસ્તીમાં જ ડાંગીજનો જોવા મળે છે.

ડાંગી આદિવાસી પ્રજા, દીવાળી પછી કામધંધે લાગે છે. પરંતુ સામાન્યતઃ હોળી પહેલાં દસ દિવસ અગાઉથી તે કામ પર જવાનું બંધ કરી દે છે. આઠમથી તે રંગ પાંચમ સુધી મોટા ભાગના ડાંગીઓ પછી તે પુરૂષ હાય કે સ્ત્રી હોય, ઢોલના તાલ પર નાચતા હોય છે. હોળીના દિવસે અહીંના લાકો સાંજથી બીજા દિવસ સુધી એટલે કે આખી રાત પણ નાચ્યા જ કરે છે.

ઘર શણગારવું, ગાવુ, ખાવુપીવુ, અને નાચવુ, એજ હોળીનો તહેવાર મનાવવાની રીત. 'વસંત ઋતુ પૂરી થઇ છે, હવે તું ખેતરનાં કામે લાગી જા એજ સદેશ ડાંગી આદિવાસીઓને 'હોળી આપે છે. ડાંગ પ્રદેશ જંગલમય વિસ્તાર હોવાથી અહીં લાકડાંની અછત નથી. એટલે ડાંગના ગામડે ગામડે ઠેર ઠેર મોટી મોટી હોળીઓ પ્રગટાવાય છે. આદિવાસી સમાજ મુર્હુત જોઈ ને જ હોળી પ્રગટાવે છે. ડાંગીજન આને 'હોળીબાઈનુ લગ્ન' કહે છે.

હોળી પ્રગટાવતાં પહેલાં ડાંગી સ્ત્રીઓ..

ડોંગરીચી માઊલી ડ ડ..
દેવાદારી ઉતરીલ ડ ડ,
દેવાદારી ઉતરીલ ડ ડ ડ..



હાળીબાઈય્યા લગ્નાલા ડ ડ,
દેવાદારી ઊતરીલ ડ ડ ડ..
કળીયાલા ઊચિત ડ ડ,
ખાંભવાલા ઊચિત ડ ડ ડ..
ડોંગરીચી માઊલી ડ ડ...

આ ગીત ગાઈ ને ડુંગર માવલીને હાળીબાઈનાં લગ્ન પ્રસંગે હાજર રહેવા વિનંતિ કરે છે. ત્યાર બાદ બધાં જ સ્ત્રી અને પુરુષો એકમેકની કમરમાં હાથ નાંખીને કુંડાળામાં ફરતાં ફરતાં, નાચતાં, ગીતો ગાતાં ગાતાં આખી રાત પસાર કરે છે.

કનચે મહિને ઊનીસે,
ફાગુન મહિને ઊનીસે,
બાઈ ફાગુન મહિને ઊનીસે..
કાય કાય ભેટ લસીલે ?,
બાઈ કાય કાય ભેટ લસીલા?
ખાંભ ભેટ લસીલા, બાઈ ખાંભ ભેટ લસીલે..

'હોળી' ના ગીતો ખૂબ જ ઓછી સંખ્યામાં છે. જે ગીતો છે, તે ગીતો ડાંગભરમાં એક જ સૂરમાં ગવાય છે.





દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com

## દમણગંગા ટાઈમ્સ દૈનિક

ધી રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે દમણગંગા ટાઈમ્સ દૈનિક પત્ર અંગેની માહિતી.

**ફોર્મ નં. ૪**

(જુઓ રૂલ નં. ૮)

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશનનું સ્થળ | : | શીતલ પબ્લિકેશન,પહેલો માળ, શિવકૃપા, આશાધામ હાઈસ્કુલની પાછળ, ને.હા.નં.૮, વાપી. જીલ્લો: વલસાડ, પીન નં. - ૩૯૬ ૧૯૧. |
| ૨. તેના પ્રકાશનની સામયિકતા | : | દૈનિક |
| ૩. મુદ્રકનું નામ | : | શ્રીમતી એમ.એન. ઉકાણી |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| મુદ્રણ સ્થળ | : | પ્લોટ નં. ૨૫૦૫, થર્ડફેઝ, જી.આઈ.ડી.સી., વાપી - ૩૯૬ ૧૯૫. |
| ૪. પ્રકાશકનું નામ | : | શ્રીમતી એમ.એન. ઉકાણી |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | ૧૨-એ, ગોકુળ વિહાર ટાઉનશીપ, ને.હા.નં. ૮, વાપી. |
| ૫. તંત્રીનું નામ | : | શ્રીમતી એમ.એન. ઉકાણી |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | ૧૨-એ, ગોકુળ વિહાર ટાઉનશીપ, ને.હા.નં. ૮, વાપી. |

હું શ્રીમતી એમ.એન. ઉકાણી, આથી જાહેર કરું છું કે, ઉપર આપેલી વિગતો, મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

વાપી, તા.૦૨-૦૩-૨૦૨૬ પ્રકાશક : શ્રીમતી એમ.એન. ઉકાણી

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**